नमोत्थु णं समणस्स भगवओ महावीरस्स ।।

# श्रुतसंविभाग – ९

January, 2018 મહા, ૨૦૭૪

## આપણો આદર્શ અને તેનું સાધન

ઓચિંતા જ ભેગા થઈ ગયેલા ૨-૪ નાના મુનિવરોને સાથે બેસીને કે સામસામે ઊભા ઊભા જ્ઞાન કે અધ્યયનના પ્રશ્નો ચર્ચતા જોઉં છું ત્યારે હૃદય પ્રમોદ-પુલકિત બની જાય છે. ત્યારે થાય કે આ મુનિઓના જીવનમાં સ્વાધ્યાયનો અને અનુપ્રેક્ષાનો આ રસ સદા – સતત છલકાયા જ કરે તો કેવું સારું ! અને તે ક્ષણે આવતીકાલ માટે આશ્વસ્ત થવાય.

એ જ અથવા એવા જ મુનિઓને, અન્યત્ર, અન્યદા, વિવિધ પ્રયોજનોના અને પ્રોગ્રામોના વહીવટની વાતોમાં તથા કામગીરીમાં વ્યસ્ત જોવાનું બને, ત્યારે હૈયે ધબકારા વધી જતાં અનુભવાય. થાય કે અરેરે! સ્વાધ્યાય કરતાંયે અધિક આનંદ આ પ્રપંચમાં મળતો હશે ? આ પ્રપંચ, પંચાત અને પળોજણો – તે પણ ધર્મના, પુણ્યના અને કોઈકને પમાડવાના નામે – કરવામાં અંતર્મુખ પરિણતિ તથા આત્મરમણતા શેં વિકસતી હશે ? – આવા સવાલો ઊઠે અને આશ્વાસ અનાશ્વાસમાં ફેરવાય.

આપણી તમામ ધર્મપ્રવૃત્તિ મહદંશે પુણ્યાર્થે હોય છે. 'મોક્ષાર્થે' બોલાય અને લખાય અવશ્ય, પણ તેનું તાત્પર્ય 'પુણ્યાર્થે' જ હોવાનો અધિક સંભવ હોય છે. 'આત્મહિતાર્થે' – એ મુદ્દો લગભગ ગૌણ કે તિરોભૂત બન્યો છે.

'આત્મહિત' અને 'અંતર્મુખતા' – આ બે વાનાંને જીવનમાં પ્રગટાવવા માટે, મારી સામાન્ય સમજણ અનુસાર, 'સ્વાધ્યાય' સિવાય બીજો કોઈ ઉપાય નથી.

સ્વાધ્યાયથી ક્રિયા, સ્વાધ્યાયપૂર્વક યતના, સ્વાધ્યાય દ્વારા પરિણતિ, સ્વાધ્યાયનું ફળ દયા, સ્વાધ્યાય થકી જ શ્રદ્ધા – સમ્યગ્દર્શન – આવાં વચનો શાસ્ત્રોમાં અત્રતત્ર પથરાયેલાં જડે છે, તે સ્વાધ્યાયનો જ મહિમા કરનારાં છે.

સ્વાધ્યાય હશે તો સાધુપદ સિદ્ધ થશે. સાધુતા પાંગરશે તો સંયમ સ્થિર થશે. અને સંયમની સ્થિરતા હશે તો જ સંઘ અને શાસન ટકશે. એકલાં દેરાસરોથી શાસન ટકે એવું માનવા જેવું નથી. શાસન કે સંઘની તમામ સ્થૂલ કે દેખીતી બાબતોના પાયામાં 'સ્વાધ્યાય - શાસ્ત્રાધ્યાય' છે એ તત્ત્વ ભૂલવાનું નથી.

સ્વાધ્યાયી સાધુ જ પ્રભુશાસનનું ઉજ્જ્વળ ભવિષ્ય છે. એક ઉપાધ્યાય યશોવિજયજી ૩૦૦-૩૦૦ વર્ષોથી સંઘના હૃદય પર સામ્રાજ્ય જમાવી બેઠા છે, તેનું નિદાન શું ? જવાબ એટલો જ – 'સ્વાધ્યાય'.

સાધુમિત્રો! યાદ રાખજો કે ઉપાધ્યાયજી આપણો આદર્શ હોય, અને સ્વાધ્યાય એને સર કરવાનું સાધન હોય. અસ્તુ.

**– વિજયશીલચંદ્રસૂરિ**

# *દ્રવ્યાનુયોગ*

## ૧. સૂક્ષ્મ જીવોને પણ શસ્ત્ર લાગે !

સામાન્યથી એવું માનવામાં આવે છે કે સૂક્ષ્મ જીવોને કોઈપણ શસ્ત્રથી ઉપઘાત થતો નથી. પણ વાસ્તવમાં એવો એકાંત નિયમ નથી. ખરેખર જોઈએ તો સૂક્ષ્મ જીવોને બાદર સ્વરૂપવાળાં શસ્ત્રો લાગતાં નથી. પણ સ્વકાયશસ્ત્ર તો એમને પણ લાગે જ છે. મતલબ કે સૂક્ષ્મ જીવો માટે અન્ય સૂક્ષ્મ જીવો તો શસ્ત્રરૂપ બની જ શકે છે. અને તેથી તે શસ્ત્રોથી તેમને પણ ઉપઘાત થાય જ છે. આ માટે *શ્રીઆચારાંગસૂત્ર* ની *ચૂર્ણિ* નો આ પાઠ ધ્યાનાર્હ છે –

सुहुमाणं बादरं न होति, सुहुमाणं परोप्परतो होइ ।। (१.१.२.१२)

## ૨. અપવર્તનીય - અનપવર્તનીય આયુષ્ય વિશે થોડીક સ્પષ્ટતા

આયુષ્યના સામાન્યતઃ બે પ્રકાર છે – ૧. અપવર્તનીય ૨. અનપવર્તનીય. જે આયુષ્યની સ્થિતિ શસ્ત્રાદિ બાહ્ય નિમિત્તો કે રાગાદિ અભ્યંતર નિમિત્તોને લીધે ઘટી શકે છે તે આયુષ્ય 'અપવર્તનીય' ગણાય છે. આયુષ્ય ઘટવામાં નિમિત્તભૂત પદાર્થને 'ઉપક્રમ' તરીકે ઓળખવામાં આવે છે. *તત્ત્વાર્થસૂત્ર* અને *કર્મગ્રંથ* ના મતે અપવર્તનીય આયુષ્યમાં અવશ્ય ઉપક્રમ લાગે જ છે. પણ *વિશેષાવશ્યકમહાભાષ્ય* – ગાથા ૨૦૫૫ ની વૃત્તિમાં બતાવ્યું છે કે અપવર્તનીય આયુષ્યને ઉપક્રમ લાગે જ તેવો કોઈ એકાંત નિયમ નથી. જો ઉપક્રમ લાગે તો આયુષ્ય ઘટી જાય અને જો ઉપક્રમ ન લાગે તો પૂરેપૂરું પણ ભોગવાય. અર્થાત્ આ મતે 'નિરુપક્રમ અપવર્તનીય' એવો પણ ભાંગો શક્ય છે.

હવે જે આયુષ્યની સ્થિતિ શસ્ત્રાદિ બાહ્ય નિમિત્તો કે રાગાદિ અભ્યંતર નિમિત્તોને લીધે ઘટી શકતી નથી તે આયુષ્ય 'અનપવર્તનીય' ગણાય છે. તે આયુષ્ય સોપક્રમી અને નિરુપક્રમી – એમ બંને પ્રકારે હોઈ શકે છે. મતલબ કે એવું આયુષ્ય ધરાવતા જીવને ઉપક્રમ લાગે કે ન લાગે, એનું આયુષ્ય પૂરેપૂરું ભોગવાઈને જ સમાપ્ત થાય છે. સ્થૂલ દૃષ્ટિમાં આપણને એવું કદાચ જણાય કે આ જીવને ઉપક્રમ લાગ્યો માટે એનું આયુષ્ય પૂરું થયું. પરંતુ વાસ્તવમાં તો ત્યાં એનું આયુષ્ય પૂરું થવા આવ્યું હોય ત્યારે જ એને ઉપક્રમ લાગ્યો હોય છે. એટલે સોપક્રમી હોવા છતાં પણ એ અનપવર્તનીય જ ગણાય છે.

દેવ અને નરક ગતિના જીવો, ચરમશરીરી જીવો, શલાકાપુરુષો જેવા ઉત્તમ પુરુષો તેમ જ અસંખ્ય વર્ષના આયુષ્યવાળા જીવો – આ ચારે પ્રકારના જીવોનું આયુષ્ય અનપવર્તનીય પ્રકારનું જ હોય છે એમ સામાન્યથી સમજાવવામાં આવતું હોય છે. પણ આની સામે *શ્રીઆચારાંગસૂત્ર* – ૧.૧.૨.૬૪ ની *વૃત્તિ* માં અસંખ્ય વર્ષના આયુષ્યવાળા જીવોને પણ આયુષ્યની અપવર્તના જણાવવામાં આવી છે –

भोगभूमिजेषु देवकुर्वादिजेषु, तस्य क्षिप्रमेव सर्वाल्पमायुर्वर्जयित्वा द्वयोस्तिर्यङ्मनुष्ययोपरवृत्तिका – अपवर्तनं भवति । एतच्चाऽपर्याप्तकान्तर्मुहूर्तान्तर्द्रष्टव्यम् । तत ऊर्ध्वमनपवर्तनमेवेति ।।

દેવકુરુ આદિમાં ઉત્પન્ન થયેલ મનુષ્ય અને તિર્યંચને અન્તર્મુહૂર્ત જેટલી આયુષ્યની સ્થિતિ છોડીને શેષ સઘળાયે ૧ પલ્યોપમ આદિ આયુષ્યની અપવર્તના થઈ જ શકે છે. અલબત્ત આ અપવર્તના અપર્યાપ્ત અવસ્થામાં જ થાય છે. અને તે પણ એક અંતર્મુહૂર્તમાં જ થઈ શકે છે. પણ અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા જીવને પણ અપવર્તના સંભવે છે એ વાત તો ચોક્કસ આ ઉપરથી સમજી શકાય.

અહીં એવું સમજાય છે કે *તત્ત્વાર્થસૂત્ર* આદિમાં આ અલ્પકાલીન અપવર્તનાની વિવક્ષા નહિ કરી હોય અને એટલે અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા જીવોને અનપવર્તનીય આયુષ્યવાળા જ ગણ્યા હશે.

– **મુનિ શ્રીપરમયશવિજયજી** (શ્રીૐકારસૂરિજી-સમુદાય)

# ૧. અનુયોગની પરિપાટી અંગે થોડોક વિમર્શ

*બૃહત્કલ્પલઘુભાષ્ય* – ગાથા ૨૦૯-૧૦ માં બે પ્રકારની અનુયોગવિધિનું નિરૂપણ થયું છે –

सुत्तत्थो खलु पढमो, बिइओ निज्जुत्तिमीसिओ भणिओ ।
तइओ य निरवसेसो, एस विही भणिय अणुओगे ।।
मूयं हुंकारं वा, बाढक्कार पडिपुच्छ वीमंसा । तत्तो पसंगपारा-यणं च परिणिट्ठ सत्तमए ।।

આમાં ગાથા ૨૦૯ માં ત્રણ પરિપાટીથી અનુયોગકથનનો નિર્દેશ છે, જેમાં – ૧. સૂત્રનો ફક્ત અર્થ સમજાવાય, ૨. સૂત્રનું નિર્યુક્તિ સાથે અર્થકથન થાય, ૩. સૂત્રનો સમગ્ર અર્થ એના તમામ સંદર્ભો સાથે સમજાવવામાં આવે. વૃત્તિકાર *શ્રીમલયગિરિજી* મહારાજ જણાવે છે કે જે શિષ્ય સૂત્રાર્થનું ગ્રહણ અને ધારણ કરવામાં સમર્થ હોય છે તેમના માટે આ ત્રણ પરિપાટીથી અનુયોગવિધિ પ્રવર્તે છે.

આના પછીની ગાથામાં અનુયોગકથનની સાત પરિપાટીનો નિર્દેશ છે, જેમાં શિષ્ય ક્રમશઃ – ૧. મૂંગા મૂંગા સાંભળ્યા કરે, ૨. હોંકારો આપે, ૩. બહુ સરસ કહ્યું વગેરે કહીને પ્રશંસા કરે, ૪. પૂર્વાપર સૂત્રોનો અર્થ સમજાયો હોય એટલે થોડાક પ્રશ્નો પૂછે, ૫. આ આમ જ કેમ ?, આમ કેમ નહીં ? એવી પ્રમાણની જિજ્ઞાસા થાય, ૬. શાસ્ત્રનો પારગામી થાય, ૭. ગુરુની જેમ અનુયોગકથનમાં સમર્થ બને. *શ્રીમલયગિરિજી* મહારાજ જણાવે છે કે મંદમતિ શિષ્ય આવી રીતે સાત વાર અનુયોગકથન થયા પછી સમજે છે. તેથી તેવા શિષ્યોને અપેક્ષીને સાત વાર અનુયોગકથન કરવું જોઈએ.

અત્રે *વૃત્તિકાર* અને *ચૂર્ણિકાર* – બંને ભગવંતોએ આ બે અનુયોગવિધિને વૈકલ્પિક ગણાવી છે. મતલબ કે શિષ્યની મેધા-પ્રજ્ઞાને અનુલક્ષીને ત્રણ વાર કે સાત વાર અનુયોગકથન કરવાનું હોય છે એવું જણાવ્યું છે.

અહીં પ્રશ્ન એ થાય કે ત્રણ વારવાળી અનુયોગવિધિમાં 'ક્યારે શું ભણાવવું ?' એ દેખાડવામાં આવ્યું છે, જ્યારે સાત વારવાળી અનુયોગવિધિમાં 'દરેક વખતે શિષ્યની સમજણનો કેટલો વિકાસ થાય છે ?' તે દર્શાવવામાં આવ્યું છે. તો આ બેને પરસ્પરનો વિકલ્પ કેવી રીતે સમજી શકાય ? સાત વારમાં 'ક્યારે શું ભણાવવું ?' તેનો તો કશો નિર્દેશ જ નથી. તો એ જ રીતે ત્રણ વાર જે અનુયોગવિધિ છે તેમાં શિષ્ય મેધાવી હોય તો પણ, દરેક તબક્કે તેની સમજણનો કેટલો વિકાસ થતો રહે છે તેની કોઈ સ્પષ્ટતા નથી. તો આ બંને એક જ વસ્તુની બે અલગ-અલગ પદ્ધતિઓ છે એમ કઈ રીતે નક્કી થાય ? મેધાવી શિષ્ય ત્રણ વારમાં જે ભણી લે છે તે જ વસ્તુ મંદમતિ શિષ્ય સાત વારમાં ભણે છે એવું આના પરથી કઈ રીતે સમજી શકાય ?

આ સમસ્યાનું સમાધાન આપણને *શ્રીમલયગિરિજી* મહારાજે જ રચેલી *શ્રીનંદીસૂત્ર* ની વૃત્તિમાં મળે છે. ત્યાં જણાવાયું છે કે –

आह – परिनिष्ठा सप्तमे इत्युक्तं, त्रयश्चाऽनुयोगप्रकाराः, तदेतत् कथम् ? उच्यते – त्रयाणामनुयोगाना-मन्यतमेन केनचित् प्रकारेण भूयो भूयो भाव्यमानेन सप्त वाराः श्रवणं कार्यते, ततो न कश्चिद् दोषः । अथवा कश्चिन् मन्दमतिविनेयमधिकृत्यैतदुक्तं द्रष्टव्यम् । न पुनरेष एव सर्वत्र श्रवणविधिनियमः । उद्घटितविनेयानां सकृत् श्रवणत एवाऽशेषग्रहणदर्शनादिति ।।

અહીં તાત્પર્ય એવું સમજાય છે કે – સૂત્રનો અર્થ, નિર્યુક્તિથી યુક્ત સૂત્ર અને નિરવશેષ સૂત્રાર્થ – આમ ત્રણ પ્રકારે જ અનુયોગવિધાન છે. શિષ્ય મેધાવી હોય કે મંદમતિ, બધાને પ્રાયઃ આ ત્રણ અનુયોગવિધિથી જ અધ્યયન કરાવાય છે. પણ આ ત્રણે અનુયોગનું ગ્રહણ મેધાવી શિષ્ય એક જ વારમાં કરી લે છે. જ્યારે કોઈ બે-ત્રણ પરિપાટીથી કરી શકે છે. પરંતુ મંદમતિ શિષ્યને તો પૂર્વોક્ત ૭ પરિપાટીથી અધ્યયન કરાવવામાં આવે છે. અર્થાત્ મંદમતિ શિષ્ય માટે ત્રણે અનુયોગનું સાત સાત વાર (કુલ ૨૧ પરિપાટીથી) કથન કરવું પડે છે.

મતલબ કે અનુયોગ ત્રિવિધ છે. જેનો નિર્દેશ *બૃહત્કલ્પલઘુભાષ્ય* – ગાથા ૨૦૯ માં થયો છે. તે પ્રત્યેકનું વિવિધ રીતે એકથી લઈને સાત વાર કથન થઈ શકે છે. જેનો નિર્દેશ ગાથા ૨૧૦ માં થયો છે. મેધાવી શિષ્ય માટે એક જ વાર કથન પર્યાપ્ત બને છે. અને મંદમતિ હોય તો સાત વાર કથન કરવું પડે છે. માટે શ્રવણવિધિ આટલી જ વાર એવો કોઈ નિયમ હોતો નથી.

તાત્પર્યતઃ બંને ગાથાને એકબીજાના વિકલ્પ તરીકે નહીં, પણ અલગ-અલગ સંદર્ભે જ સમજવી જોઈએ. એક પૂરક સંદર્ભ તરીકે *વ્યવહારભાષ્ય* ની ગાથા ૧૭૦૯ અવલોકનીય છે –

सुयपारायण पढमं, बितियं पदुब्भेदयं । तइयं च निरवसेसं, जदि सुज्झति गाहगो ।।

## २. अजाणिया પર્ષદા અંગે એક નવી વાત

આપણે ત્યાં અનેક શાસ્ત્રોમાં પર્ષદાની યોગ્યતા નક્કી કરવા માટે जाणिया, अजाणिया અને दुव्वियड्ढा એમ ત્રણ પર્ષદાની વાત કરવામાં આવે છે. આ પર્ષદાઓની પ્રરૂપણા અનેક સ્થાને જોવા મળે છે. અને તે વાતો અતિપ્રસિદ્ધ પણ છે. પરંતુ હમણાં *કલ્પબૃહદ્ભાષ્ય* માં ગાથા ૮૮૨ થી ૮૮૫ માં अजाणिया પર્ષદા સંબંધે એક નવી જ વાત વાંચવા મળી.

अजाणिया એટલે અજ્ઞાન પર્ષદા. પ્રશ્ન એ આવ્યો કે અજ્ઞાનના કેટલા ભેદ હોય છે ? આ પ્રશ્નના પ્રત્યુત્તરમાં અત્રે ત્રણ ભેદ જણાવવામાં આવ્યા છે – ૧. એકાંત અજ્ઞાન ૨. દેશ અજ્ઞાન ૩. ભાવ અજ્ઞાન. આમાંથી એકાંત અજ્ઞાન પૃથ્વીકાયાદિ જીવોને હોય છે. દેશ અજ્ઞાનવાળા જીવોને થોડુંક વધતું-ઓછું જ્ઞાન હોય છે. જેમ વાદળોથી ઢંકાયેલો ચંદ્ર થોડોક અલ્પ પ્રકાશ આપે અથવા મલિન દર્પણમાં થોડુંક ધૂંધળું પ્રતિબિંબ દેખાય એવી જ રીતે અત્રે સમજવાનું છે. આ દેશ અજ્ઞાન એકેંદ્રિયોને છોડીને સર્વ છદ્મસ્થ જીવોને હોય છે. ભાવ અજ્ઞાન અભવ્ય જીવોને હોય છે. પ્રસ્તુત अजाणिया પર્ષદામાં દેશ અજ્ઞાનનો અધિકાર સમજવાનો હોય છે. મતલબ કે દેશ અજ્ઞાનની અપેક્ષાએ अजाणिया પર્ષદા સમજવાની છે. **– त्रै.**

* * *

## *१. आवश्यकसूत्र* - *मलयगिरीय* टीका भाग - २ के मतांतर

**जिनमें *हरिभद्रसूरिजी* अन्य टीकाकारों से भिन्न हैं –**

१. तीर्थंकर भगवंत अर्धमागधी भाषा में देशना देते हैं, ऐसा *मलयगिरिजी* महाराज और *चूर्णिकार* लिखते हैं । (देखें *आवश्यकनिर्युक्ति* – गाथा ५६६ की *मलयगिरीय* टीका तथा *चूर्णि*[1] पृ. ३२९ ।)

*हरिभद्रसूरिजी* अर्धमागध भाषा नहीं लिखते हैं, वे मात्र 'साधारण' शब्द लिखते हैं । (देखें *आवश्यकनिर्युक्ति* – गाथा ५६६ की *हारिभद्रीय* वृत्ति[2] ।)

२. देवच्छंदक पूर्व दिशा में होता है, ऐसा *मलयगिरिजी* तथा *चूर्णिकार* मानते हैं । (देखें *आवश्यकनिर्युक्ति* – गाथा ५८७ की *मलयगिरीय* टीका तथा *चूर्णि*[3] पृ. ३३३ ।) । *हरिभद्रसूरिजी* देवच्छंदक उत्तर-पूर्व दिशा में कहते हैं । (देखें *आवश्यकनिर्युक्ति* – गाथा ५८७ की *हारिभद्रीय* वृत्ति[4])

---

[1] साधारणेन शब्देन - अर्द्धमागधभाषात्मकेन... ।। चूर्णि - साहारणेणं सद्देणं अद्धमागहाए भासाए ।।

[2] साधारणेन शब्देन... ।।

[3] द्वितीये प्राकारान्तरे पूर्वस्यां दिशि देवच्छन्दके... ।। चूर्णि - पुव्वाए दिसाए देवच्छंदओ ।।

[4] निर्गत्य उत्तरपूर्वायां दिशि देवच्छन्दके... ।।

**जिनमें *मलयगिरिजी* भिन्न हैं –**

१. गणधर-वक्तव्यता में गणधर के गृहस्थ-पर्याय के विषय में *आवश्यकनिर्युक्ति*[5] - गाथा ६५० में मंडिक और मौर्यपुत्र का गृहस्थ-पर्याय क्रमशः ५३ और ६५ वर्ष कहा है। दोनों भाई थे तथा मंडिक बडे भाई थे। दोनों की दीक्षा एक ही दिन हुई। अतः गृहस्थ-पर्याय मंडिक का छोटा और मौर्यपुत्र का बडा कैसे हो सकता है ?। *मलयगिरिजी* टीका में इन पर्यायों को बदल देते हैं[6] – क्रमशः ६५ और ५३ वर्ष। *चूर्णिकार* ने इस बाबत में कोई स्पष्टता नहीं की है (चूर्णि पृ. ३३८।)। *हरिभद्रसूरिजी* ने टीका में मूल निर्युक्ति का पाठ ज्यों का त्यों रखा है[7]। *मलधारी हेमचंद्रसूरिजी* ने टिप्पणक में यह प्रश्न उठाकर संभवित ३ समाधान देकर विशिष्ट संप्रदाय के अभाव और 'तत्त्वं केवलिगम्यं' रूप जवाब आगे किए हैं। उनके संभवित ३ समाधान ऐसै हैं[8] –

i. यदि गणधर के नाम की प्रतिपादक गाथा में इन दो नामों का व्यत्यय करें।

ii. यदि गृहस्थ-पर्याय ओर सर्व-आयु-प्रतिपादक गाथा में व्यत्यय करें।

iii. 'धनदेवे पञ्चत्वमुपागते मौर्येण धृता' इन वृत्त्यक्षरों में 'मौर्ये पञ्चत्वमुपागते धनदेवेन धृता' ऐसा व्यत्यय करें। (देखें टिप्पणक।)

२. 'श्वास' द्वार में *मलयगिरिजी* सिद्धो में सम्यक्त्व-सामायिक स्वीकारते हैं, जबकि *हरिभद्रसूरिजी* निषेध करते हैं। (देखें *आवश्यकनिर्युक्ति* - गाथा ८१४ की *मलयगिरीय* टीका[9] और *हारिभद्री* वृत्ति[10]।)। टिप्पणक में *मलधारी हेमचंद्रसूरिजी* ने यह प्रश्न उठाया है कि जैसे शैलेशी अवस्था में सम्यक्त्व-सामायिक और चारित्र-सामायिक हैं, वैसे सिद्ध में भी सम्यक्त्व-सामायिक क्यों नहीं मानते ?। सम्यक्त्व-सामायिक सिवाय ३ सामायिक संसारी को ही होते हैं, सिद्ध को नहीं। उनके साहचर्य से सिद्ध में सम्यक्त्व सामायिक का निषेध किया है ऐसा समाधान वे वहाँ देते हैं[11]।

**जिनमें *चूर्णिकार* भिन्न हैं –**

१. *चूर्णिकार* अनाकार उपयोग में सामायिकप्राप्ति का निषेध करते हैं तथा पुष्टि में 'सव्वाओ लद्धीओ सागारोवओगोवउत्तस्स...' पाठ देते हैं। (देखें *आवश्यकचूर्णि*[12] पृष्ठ ४४३।) इसके विपरीत

---

[5] तेवंत पंचसट्ठी (मूल निर्युक्तिगाथा ६५०)।।

[6] माण्डिकस्य पञ्चषष्टिः मौर्यस्य त्रिपञ्चाशत्।।

[7] त्रिपञ्चाशत् पञ्चषष्टिः।।

[8] ननु मण्डिको ज्येष्ठो मौर्यस्तु लघुतरो। गृहवासप्रतिपादकगाथायां तु ज्येष्ठस्य त्रिपञ्चाशद्वर्षाणि गृहवास उक्तो, लघु-तरस्य तु पञ्चषष्टिः। दीक्षा द्वयोरप्येकस्मिन्नेव दिने तत् कथं न विरोधः ?। सत्यं, किन्तु तत्त्वमिह केवलिनो विदन्ति। केवलं गणभृन्नामप्रतिपादकगाथायां व्यत्ययपाठे गृहवाससर्वायुष्कप्रतिपादिकासु वा गाथासु च व्यत्यये सति सर्वं सुस्थं भवति। 'धनदेवे पञ्चत्वमुपागते मौर्येण गृहे धृता' इति वृत्त्यक्षराणां मौर्ये पञ्चत्वमुपगते धनदेवेन धृता इति व्यत्यये वा सति सुस्थं भवति। तत्तु न क्रियते, विशिष्टसम्प्रदायाभावाद्।।

[9] सिद्धः... सम्यक्त्वरहितानां तु त्रयाणां सामायिकानां पूर्वप्रतिपन्नस्य च।।

[10] सिद्धः तत्र चतुर्णामप्युभयथाऽपि प्रतिषेधः।।

[11] सम्यक्त्ववर्जसामायिकत्रयं संसारस्थानामेव सम्भवति तत्साहचर्यात् सम्यक्त्वसामायिकमपि संसारिणां सम्बन्धि विचार्यते, तथाभूतं तु सिद्धे नाऽस्तीति निषिध्यते...।।

[12] अणागारोवउत्तो चतुहिं वि पुव्वपडिवण्णओ होज्जा, पडिवज्जमाणओ नत्थि।।

*हरिभद्रसूरिजी*[13], *मलयगिरिजी*[14] और *मलधारी हेमचंद्रसूरिजी* तीनों अनाकार उपयोग में चारों सामायिक की प्रतिपत्ति मानते हैं तथा प्रश्न उठाकर समाधान इस प्रकार देते हैं कि 'सव्वाओ लद्धीओ...' पाठ वर्धमान परिणाम वाले जीव के लिए है, किंतु अंतरकरण में अवस्थित औपशमिक परिणाम वाले जीव को चारों सामायिक की प्राप्ति होती है। अंतरकरण में मिथ्यात्व का उदय न होने से परिणाम की हानि नहीं होती और सम्यक्त्वमोहनीय का उदय न होने से परिणाम की वृद्धि नहीं होती, अतः अवस्थित परिणाम है। (देखें *आवश्यकनिर्युक्ति* - गाथा ८२० *मलयगिरीय* टीका[15], *हारिभद्री* वृत्ति तथा *टिप्पणक*।)

२. परिणाम-द्वार में *चूर्णिकार* वर्धमान परिणाम में ही सामायिक की प्राप्ति स्वीकारते हैं, अवस्थित या हीयमान परिणाम में नहीं। (देखें *चूर्णि* पृष्ठ ४४४।)

*हरिभद्रसूरिजी*, *मलयगिरिजी* और *मलधारी हेमचंद्रसूरिजी* अवस्थित परिणाम में भी सामायिक की प्राप्ति मानते हैं। इसमें उपर्युक्त उपयोग-द्वार की ही युक्ति है। (देखें *आवश्यकनिर्युक्ति* - गाथा ८२३ की *मलयगिरीय* टीका, *हारिभद्री* वृत्ति।)

३. जीव ने समुद्धात किया हो या न किया हो, वह चारों सामायिक का प्रतिपद्यमान या पूर्वप्रतिपन्न हो सकता है यह *चूर्णिकार* का मत है[16]। (*चूर्णि* पृष्ठ ४४४।)

जबकि *मलयगिरिजी* और *हरिभद्रसूरिजी* के मत से समवहत जीव चारों में से किसी भी सामायिक का प्रतिपद्यमान नहि हो सकता। तथा समुद्धात के बाद जीव २ (सम्यक्त्व - सर्वविरति / सम्यक्त्व - श्रुत) अथवा ३ (सम्यक्त्व - श्रुत - देशविरति / सम्यक्त्व - श्रुत - सर्वविरति) का पूर्वप्रतिपन्न हो सकता है। (देखें *आवश्यकनिर्युक्ति* – गाथा ८२४ की *मलयगिरीय* टीका[17] तथा *हारिभद्री* वृत्ति[18]।)

ये सब बडे-बडे मतांतर संक्षेप में लिखे हैं, बाकी शेष छोटे मतांतर या कथा में कुछ फेरफार है मगर वे यहाँ नहीं लिखे हैं।

## २. केवलिसमुद्घात के स्वामी के विषय में मतांतर

सामान्यतया कर्मग्रंथादि शास्त्रों में केवलिसमुद्धात के विषय में २ मत प्रचलित हैं –

१. केवलज्ञान प्रगट होने के पश्चात् ६ मास से कम आयुष्य शेष होने पर केवली भगवंत अवश्य केवलिसमुद्धात करते हैं, मगर ६ मास से अधिक आयुष्य शेष हो तो केवलिसमुद्धात करें या न भी करें।

२. इससे ठीक ऊलटा मत है कि केवलज्ञान प्रगट होने के पश्चात् ६ मास से अधिक आयुष्य शेष होने पर केवली भगवंत अवश्य केवलिसमुद्धात करते हैं, मगर ६ मास से न्यून आयुष्य शेष हो तो केवलिसमुद्धात करें या न भी करें।

---

13 उपयोगद्वये- साकारानाकारभेदे चत्वारि प्रतिपद्यन्ते ॥

14 साकारानाकाररूपे उपयोगद्वये प्रत्येकं चत्वार्यपि सामायिकानि प्रतिपद्यमानानि सम्भवन्ति ॥

15 आह – 'सव्वातो लद्धीओ सागारोवयोगोवउत्तस्स भवंती'त्यागमप्रवचनादनाकारोपयोगे सामायिकलब्धि-विरोधः, नैष दोषः, तस्याऽऽगमवचनस्य प्रवर्धमानपरिणामजीवविषयत्वात्, अवस्थितौपशमिकपरिणामापेक्षया चाऽनाकारोपयोगेऽपि सामा-यिकलब्धिप्रतिपादनमविरुद्धं... ॥

16 किं समोहतो असमोहतो पुच्छा, दोण्णि वि एते चत्तारि वि सामाइया पुव्वपडिवण्णगा पडिवज्जमाणगा वा होज्जा ॥

17 समवहतस्तु केवलिसमुद्धातादिना सप्तविधसमुद्धातेन न किञ्चित् प्रतिपद्यते। पूर्वप्रतिपन्नके समवहते भजना यथा समवहंता सामायिकद्वयस्य त्रयस्य वा प्राकप्रतिपन्नो लभ्यते ॥

18 समवहस्तु न प्रतिपद्यते। समवहतो हि सामायिकद्वयस्य त्रयस्य वा पूर्वप्रतिपन्नको भावनीयः ॥

लेकिन *अञ्चल*गच्छीय *श्रीमहेंद्रसिंहसूरि* विरचित *मनःस्थिरीकरणप्रकरण* की गाथा १२४ में एक नया मत देखने मिला कि – एक समय से भी न्यूनाधिक न हो, ऐसे ६ मास आयुष्य शेष होने पर केवलज्ञान प्रगट हो तो केवली समुद्घात अवश्य नहीं करते । मूल पाठ और वृत्ति –

"छम्मासवसेसाऊ नियमा न करेइ सो समुग्घायं ।।

यस्य षट्सु मासेषु समयेनाप्यन्यूनाधिकेषु केवलज्ञानमुत्पन्नं सोऽवश्यं समुद्घातं न करोति ।"

## ३. गति-आगति के लक्षण

*बृहत्संग्रहणि* की *मलयगिरिजी* रचित वृत्ति में गति एवं आगति के लक्षण ऐसे हैं – गति – "के जीवाः पृथिव्यादिषु गच्छन्तीति गतिः" – कौन से जीव पृथ्व्यादि में जाते हैं, वे जीव पृथ्वी वगैरह की गति । आगति – "पृथिव्यादयः क्वाऽऽगच्छन्तीति आगतिः" – पृथ्वी वगैरह जीव कहाँ आते हैं, वे आगति । इस व्याख्यानुसार पृथ्वीकाय की ३ गति (देव, मनुष्य एवं तिर्यंच) और २ आगति (मनुष्य एवं तिर्यंच) होती हैं ।

इसके विपरीत *जीवाभिगम* में पृथ्वीकाय की २ गति और ३ आगति कही हैं –

"ते णं जीव कइगइया ? कइआगइया ? गोयमा ! दुगइया तिआगइया ।।" (प्र.१ सू.१५) ।

अतः यहाँ गति-आगति का लक्षण इस प्रकार है – गति - "जीवा यस्मिन् भवान्तरे गच्छन्ति ।" आगति - "जीवा यस्मादागत्य उत्पद्यन्ते ।" (*मनःस्थिरीकरणप्रकरण* - गाथा ३७ टीका)

अलबत्त यहाँ दोनों ग्रंथों में अर्थ समान ही है, मात्र व्युत्पत्ति के भेद से संज्ञा में भेद है । इसी बात का उल्लेख *मनःस्थिरीकरणप्रकरण* में *श्रीमहेंद्रसिंहसूरि* ने किया है (देखें गाथा ३८ की टीका[19]) । उन्होंने *मलधारिसंग्रहणिवृत्ति* का भी उल्लेख किया है, जिसमें गति-आगति का लक्षण *बृहत्संग्रहणि* की *मलयगिरीय* टीका के समान है । (किंतु यह वृत्ति कौनसी है, वह पता नहीं चलता ।)

*महेंद्रसिंहसूरिजी* ने स्वयं के ग्रंथ में *जीवाभिगम*सूत्रानुसार लक्षण दिया है ।

– **मुनि श्रीगोयमचंद्रविजयजी** (श्रीडहेलावाला-समुदाय)

* * *

## દેવોના પ્રકારો અંગે જાણવા જેવું

સામાન્ય રીતે દેવોના પ્રકારો ભવનપતિ વગેરે ચાર ગણાવાય છે. પરંતુ *શ્રીભગવતીજી* માં દેવોના પ્રકારો કંઈક અલગ રીતે જ વર્ણવાયા છે. એમાં શ્રીગૌતમસ્વામી શ્રીવીર પરમાત્માને પ્રશ્ન કરે છે કે દેવોના કેટલા પ્રકારો છે ? અને તેના જવાબમાં પ્રભુ પાંચ પ્રકારના દેવો ફરમાવે છે –

कतिविहा णं भंते! देवा पन्नत्ता ? गोयमा! पंचविहा देवा पन्नत्ता, तं जहा – भवियदव्वदेवा, नरदेवा, धम्मदेवा, देवाधिदेवा, भावदेवा ।। (શતક – ૧૨, ઉદ્દેશ – ૯)

આમાં ભવ્યદેવ વગેરે પાંચ પ્રકારોમાં ક્રમશઃ ૧. આવતા ભવે દેવ તરીકે ઉત્પન્ન થનારા મનુષ્યો અને તિર્યંચો, ૨. ચક્રવર્તીઓ, ૩. સમિતિ-ગુપ્તિથી યુક્ત અણગાર ભગવંતો, ૪. અરિહંત ભગવંતો અને ૫. અત્યારે દેવ તરીકે ઉત્પન્ન થયેલા જીવોનો સમાવેશ થાય છે. – **મુનિ શ્રીતીર્થચંદ્રસાગરજી ગણિ** (શ્રીસાગરજી મહારાજનો સમુદાય)

---

[19] *बृहत्सङ्ग्रहणिवृत्तौ मलयगिरि*णोक्तात् तथा *मलधारिसङ्ग्रहणिवृत्तौ*... । इह वृत्तिद्वयेऽपि देवादिभवने गतिर्देवादिच्यवने त्वागतिरभ्यधायि । इह पुनर्देवादिभवने आगतिर्देवादिच्यवने तु गतिरुक्तेति तत् कथमयं न विरोध इति, सत्यम्, इहत्यं लक्षणं *जीवाभिगमा*नुरोध्यादुक्तम्... चैतेषां *जीवाभिगमे* द्विगतित्वं त्रि-आगतित्वं भणितमस्तीति ।।

## શુભાનુબંધી પરભવના લક્ષણો

જે આત્મા આ ભવમાં શુદ્ધ ધર્મની આરાધના આદરે છે એ આત્માનો બીજો ભવ ધર્માનુબંધી હોય છે. ધર્માનુબંધી ભવમાં મળેલી ભોગસામગ્રી અને એ ભોગસામગ્રીના અધ્યવસાયો પૂર્વના શુદ્ધ ધર્મના પ્રભાવે કેવા હોય એનું વર્ણન લક્ષણો દ્વારા *ધર્મબિંદુ* માં શ્રીહરિભદ્રસૂરિજી મહારાજે આ પ્રમાણે જણાવ્યું છે –

- अत्युद्गाढपुण्यप्रकर्षोदयपरिणामाक्षिप्तत्वात् तथाविधपुरुषकाराभावेन उपनतत्वाद्...

એ ભોગનાં સાધનો ગાઢ પુણ્યોદયથી સ્વયં સંપ્રાપ્ત હોવાથી એને મેળવવા વિશિષ્ટ પુરુષાર્થ કરવો પડતો નથી.

- कृषिकरणे पलालस्येव प्रसंगोत्पन्नत्वात्...

ખેતીમાં જેમ ઘાસ આડપેદાશ છે એમ ભોગ પણ મોક્ષના લક્ષ્યની આડપેદાશરૂપ પ્રાસંગિક હોય છે.

- भरतादीनामिव निबिडगृद्ध्यभावात्...

ભોગસામગ્રીના ભોગકાળમાં પણ ભરત ચક્રવર્તી વગેરેની જેમ અત્યંત આસક્તિનો અભાવ હોય.

- कुत्सितेषु नीतिमार्गोत्तीर्णेषु भोगसाधनेष्वप्रवृत्तेः...

નીતિમાર્ગની મર્યાદાને ઓળંગીને નિંદનીય અશુભપ્રવૃત્તિ કરીને ભોગસાધનો મેળવવામાં પ્રવૃત્તિ હોતી નથી.

- मोक्षप्राप्तिनिमित्ता-ऽऽर्यदेश-दृढसंहननादि-कुशलकार्यानुबन्धविधायकत्वात्...

આવા ભોગો / ભવ પણ મોક્ષપ્રાપ્તિમાં નિમિત્ત બને તેવા આર્ય દેશ, મજબૂત સંહનન વગેરે આપનારા પુણ્યનું સર્જન કરનારા હોય છે. **– મુનિ શ્રીઆનંદચંદ્રસાગર ગણિ** (શ્રીસાગરજી મહારાજનો સમુદાય)

* * *

## સંયમીના તેજને અંગે

*ધર્મબિંદુપ્રકરણ* ના અધ્યાય – ૬, શ્લોક – ૬ માં સંયમી જીવોના તેજને અંગે આ પ્રમાણે પ્રરૂપણા છે –

उक्तं मासादिपर्याय-वृद्ध्या द्वादशभिः परम् । तेजः प्राप्नोति चारित्री, सर्वदेवेभ्य उत्तमम् ।।

આનો અર્થ – માસાદિ પર્યાયની વૃદ્ધિને અનુલક્ષીને ૧૨ મહિના જેટલો કાળ વીતે ત્યારે ચારિત્રવંત આત્મા સર્વ દેવોથી પણ ઉત્તમ એવા તેજને – ચિત્તની સુખાસિકાને પ્રાપ્ત કરે છે.

આ સંદર્ભનું વિસ્તૃત સ્પષ્ટીકરણ આપણને *ભગવતીજી* માં (૧૪.૯.૫૩૭) મળે છે. ત્યાં સ્વયં પ્રભુ વીરે જણાવ્યા મુજબ એક માસના પર્યાયવાળા શ્રમણ નિર્ગ્રંથો વાણવ્યંતર દેવોની તેજોલેશ્યાને અતિક્રમી જાય છે. બે માસના પર્યાયવાળા શ્રમણ નિર્ગ્રંથો અસુરેંદ્ર સિવાયના ભવનપતિ દેવોની તેજોલેશ્યાને અતિક્રમી જાય છે. ત્રણ માસના પર્યાયવાળા શ્રમણ નિર્ગ્રંથો અસુરેંદ્રોની તેજોલેશ્યાને અતિક્રમી જાય છે. ચાર માસના પર્યાયવાળા શ્રમણ નિર્ગ્રંથો ગ્રહ, નક્ષત્ર, તારા સ્વરૂપ જ્યોતિષ દેવોની તેજોલેશ્યાને અતિક્રમી જાય છે. પાંચ માસના પર્યાયવાળા શ્રમણ નિર્ગ્રંથો ચંદ્ર તેમ જ સૂર્ય ઇંદ્રોની તેજોલેશ્યાને અતિક્રમી જાય છે. છ માસના પર્યાયવાળા શ્રમણ નિર્ગ્રંથો સૌધર્મ અને ઈશાન દેવોની તેજોલેશ્યાને અતિક્રમી જાય છે. સાત માસના પર્યાયવાળા શ્રમણ નિર્ગ્રંથો સનત્કુમાર અને માહેંદ્ર દેવોની તેજોલેશ્યાને અતિક્રમી જાય છે. આઠ માસના પર્યાયવાળા શ્રમણ નિર્ગ્રંથો બ્રહ્મલોક અને લાંતક દેવોની તેજોલેશ્યાને અતિક્રમી જાય છે. નવ માસના પર્યાયવાળા શ્રમણ નિર્ગ્રંથો મહાશુક્ર અને સહસ્રાર દેવોની તેજોલેશ્યાને અતિક્રમી જાય છે. દસ માસના પર્યાયવાળા શ્રમણ નિર્ગ્રંથો આનત, પ્રાણત, આરણ અને અચ્યુત દેવોની તેજોલેશ્યાને અતિક્રમી જાય છે. અગિયાર માસના પર્યાયવાળા શ્રમણ નિર્ગ્રંથો ગ્રૈવેયક દેવોની તેજોલેશ્યાને અતિક્રમી જાય છે. બાર માસના પર્યાયવાળા શ્રમણ નિર્ગ્રંથો અનુત્તરૌપપાતિક દેવોની તેજોલેશ્યાને અતિક્રમી જાય છે. અને ત્યાર પછી શુક્લ, શુક્લાભિજાત્ય થઈને સિદ્ધ થાય છે, બુદ્ધ થાય છે, મુક્ત થાય છે, પરિનિર્વાણને પામે છે તેમ જ સર્વ દુઃખોનો અંત કરે છે.

**– મુનિ શ્રીતારકચંદ્રસાગરજી** (શ્રીસાગરજી મહારાજનો સમુદાય)

## *गणितानुयोग*

# યોગસ્થાનોના અલ્પબહુત્વમાં એક સૂક્ષ્મ વિચારણા

*કર્મપ્રકૃતિપદાર્થો* ભાગ-૧ માં યોગની ૧૦ દ્વારોથી વિચારણા કરવામાં આવી છે. તેમાં ૧૦મું દ્વાર અલ્પબહુત્વ છે. તે દ્વારમાં તે તે જીવોના સંભવિત જઘન્ય અને ઉત્કૃષ્ટ યોગસ્થાનોમાં જેટલા જેટલા સ્પર્દ્ધકો હોય તેનું અલ્પબહુત્વ જણાવવામાં આવ્યું છે. અહીં ગુણક તરીકે જે 'અસંખ્ય' છે એ સર્વત્ર સૂક્ષ્મ ક્ષેત્રપલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ અસંખ્ય સમજવાનું છે. આ અલ્પબહુત્વ નીચે મુજબ છે –

| ક્રમાંક | કોનો યોગ? | કયો? | કેટલો? | ક્રમાંક | કોનો યોગ? | કયો? | કેટલો? |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | લબ્ધિ અપર્યાપ્ત સૂક્ષ્મ એકેંદ્રિય | જઘન્ય | અલ્પ | ૧૭ | લબ્ધિ અપર્યાપ્ત અસંજ્ઞી પંચેંદ્રિય | ઉત્કૃષ્ટ | અસંખ્ય |
| ૨ | લબ્ધિ અપર્યાપ્ત બાદર એકેંદ્રિય | જઘન્ય | અસંખ્ય | ૧૮ | લબ્ધિ અપર્યાપ્ત સંજ્ઞી પંચેંદ્રિય | ઉત્કૃષ્ટ | અસંખ્ય |
| ૩ | લબ્ધિ અપર્યાપ્ત બેઇંદ્રિય | જઘન્ય | અસંખ્ય | ૧૯ | પર્યાપ્ત બેઇંદ્રિય | જઘન્ય | અસંખ્ય |
| ૪ | લબ્ધિ અપર્યાપ્ત તેઇંદ્રિય | જઘન્ય | અસંખ્ય | ૨૦ | પર્યાપ્ત તેઇંદ્રિય | જઘન્ય | અસંખ્ય |
| ૫ | લબ્ધિ અપર્યાપ્ત ચઉરિંદ્રિય | જઘન્ય | અસંખ્ય | ૨૧ | પર્યાપ્ત ચઉરિંદ્રિય | જઘન્ય | અસંખ્ય |
| ૬ | લબ્ધિ અપર્યાપ્ત અસંજ્ઞી પંચેંદ્રિય | જઘન્ય | અસંખ્ય | ૨૨ | પર્યાપ્ત અસંજ્ઞી પંચેંદ્રિય | જઘન્ય | અસંખ્ય |
| ૭ | લબ્ધિ અપર્યાપ્ત સંજ્ઞી પંચેંદ્રિય | જઘન્ય | અસંખ્ય | ૨૩ | પર્યાપ્ત સંજ્ઞી પંચેંદ્રિય | જઘન્ય | અસંખ્ય |
| ૮ | લબ્ધિ અપર્યાપ્ત સૂક્ષ્મ એકેંદ્રિય | ઉત્કૃષ્ટ | અસંખ્ય | ૨૪ | પર્યાપ્ત બેઇંદ્રિય | ઉત્કૃષ્ટ | અસંખ્ય |
| ૯ | લબ્ધિ અપર્યાપ્ત બાદર એકેંદ્રિય | ઉત્કૃષ્ટ | અસંખ્ય | ૨૫ | પર્યાપ્ત તેઇંદ્રિય | ઉત્કૃષ્ટ | અસંખ્ય |
| ૧૦ | પર્યાપ્ત સૂક્ષ્મ એકેંદ્રિય | જઘન્ય | અસંખ્ય | ૨૬ | પર્યાપ્ત ચઉરિંદ્રિય | ઉત્કૃષ્ટ | અસંખ્ય |
| ૧૧ | પર્યાપ્ત બાદર એકેંદ્રિય | જઘન્ય | અસંખ્ય | ૨૭ | પર્યાપ્ત અસંજ્ઞી પંચેંદ્રિય | ઉત્કૃષ્ટ | અસંખ્ય |
| ૧૨ | પર્યાપ્ત સૂક્ષ્મ એકેંદ્રિય | ઉત્કૃષ્ટ | અસંખ્ય | ૨૮ | અનુત્તરવાસી દેવ | ઉત્કૃષ્ટ | અસંખ્ય |
| ૧૩ | પર્યાપ્ત બાદર એકેંદ્રિય | ઉત્કૃષ્ટ | અસંખ્ય | ૨૯ | નવ ગ્રૈવેયક દેવ | ઉત્કૃષ્ટ | અસંખ્ય |
| ૧૪ | લબ્ધિ અપર્યાપ્ત બેઇંદ્રિય | ઉત્કૃષ્ટ | અસંખ્ય | ૩૦ | યુગલિક તિર્યંચ - મનુષ્ય | ઉત્કૃષ્ટ | અસંખ્ય |
| ૧૫ | લબ્ધિ અપર્યાપ્ત તેઇંદ્રિય | ઉત્કૃષ્ટ | અસંખ્ય | ૩૧ | આહારક શરીરી | ઉત્કૃષ્ટ | અસંખ્ય |
| ૧૬ | લબ્ધિ અપર્યાપ્ત ચઉરિંદ્રિય | ઉત્કૃષ્ટ | અસંખ્ય | ૩૨ | શેષ દેવ, મનુષ્ય, તિર્યંચ, નારક | ઉત્કૃષ્ટ | અસંખ્ય |

આ અલ્પબહુત્વમાં પર્યાપ્તાનાં જે સ્થાનો બતાવ્યાં છે તે લબ્ધિ અને કરણ ઉભય રીતે પર્યાપ્તા જીવોનાં જાણવાં. લબ્ધિ પર્યાપ્ત અને કરણ અપર્યાપ્ત એવા બેઇંદ્રિય વગેરે બધા જીવોના ઉત્કૃષ્ટ યોગોનાં સ્થાનો ક્રમાંક ૧૮ અને ૧૯ વચ્ચે જાણવાનાં છે. આ માટે *કર્મપ્રકૃતિ* ની *ચૂર્ણિ* માં પંક્તિ છે કે ततो हिट्ठिल्ला ठाणा लद्धिपज्जत्तगस्स करणेण अपज्जत्तगस्स भवंति । ततो बेइदिंय-पज्जत्तगस्स जहन्नओ जोगो असंखगुणो ।।

એટલે કે લબ્ધિ પર્યાપ્ત અને કરણ અપર્યાપ્ત એવા પંચેંદ્રિયનાં યોગસ્થાનો પણ ૧૯ ક્રમાંક કરતા પહેલાં છે, પણ ક્રમાંક ૨૨-૨૩ ની વચ્ચે નથી. જો આમ ન કરીએ અને સામાન્ય અલ્પબહુત્વમાં લબ્ધિ પર્યાપ્ત અને કરણ અપર્યાપ્ત એવા પંચેંદ્રિયનું જે સ્થાન ૨૨-૨૩ ની વચ્ચે છે ત્યાં જ તેનાં યોગસ્થાનો સ્વીકારીએ તો દોષ આવે છે. તે આ રીતે – લબ્ધિ પર્યાપ્તા અને કરણ અપર્યાપ્તાનો યોગ ૨૨-૨૩ ની વચ્ચે લઈએ તો દેવ અને નરક ગતિની જઘન્ય કર્મદલિકોની વહેંચણીમાં દેવગતિ કરતાં નરકગતિનાં દલિકો અસંખ્યગુણ કહ્યાં છે તે ન ઘટે અને સમાન કહેવાં પડે. કારણ કે જેમ નરકગતિના જઘન્ય પ્રદેશબંધનો સ્વામી ૨૨ ક્રમાંકના યોગવાળો અસંજ્ઞી પંચેંદ્રિય કરણ પર્યાપ્તો છે. તે

જ દેવગતિ નો સ્વામી બની જાય. કેમ કે દેવગતિના અન્ય બંધકો તો તેના પછી અને ૨૩ થી પૂર્વના યોગવાળા જ હોવાના. તેથી આ દોષ ઉપસ્થિત થાય છે. તેને નિવારવા માટે લબ્ધિ પર્યાપ્ત અને કરણ અપર્યાપ્ત એવા પંચેંદ્રિયનાં યોગસ્થાનો પણ ૧૮-૧૯ ની વચ્ચે લઈએ તો સમાધાન થાય છે.

અને જો એ રીતે વિચારીએ તો લબ્ધિ પર્યાપ્ત અને કરણ અપર્યાપ્ત જીવોનાં યોગસ્થાનોનું અલ્પબહુત્વ જઘન્ય તેમ જ ઉત્કૃષ્ટ બે વિભાગથી વિચારી શકાય ? જો વિચારી શકાતું હોય તો તે કેવું હોય તે જણાવવા વિદ્વજ્જનોને વિનંતિ છે.

**– મુનિ શ્રીમલયગિરિવિજયજી, મુનિ શ્રીપ્રેમહંસવિજયજી** (શ્રીનેમિસૂરિજી-સમુદાય)

* * *

## *चरणकरणानुयोग*

# ગુરુકુળવાસમાં રહેતા શ્રમણનું ઔચિત્ય

भणिआ आयारंमि वि, दिट्ठा दोसेण णाऽऽवरीयन्ति ।

तद्दिट्ठीण इच्चाइ-वयणओ गुरुकुलं गुरुअं ।। (*યતિલક્ષણસમુચ્ચય* - ૧૧૫)

આચાર્યની પાસે રહેનારા સાધુએ શું કરવું જોઈએ તે અંગે *આચારાંગસૂત્ર* માં આ પ્રમાણે જણાવાયું છે –

"तद्दिट्ठीए तम्मोत्तीए तप्पुरक्कारे तस्सण्णी तण्णिवेसणे जयंविहारी चित्तणिवाई पंथणिज्झाई पलिबाहिरे पासीय पाणे गच्छेज्जा"

१. तद्दिट्ठीए - જે આચાર્યની પાસે સાધુ વર્તતા હોય તે આચાર્યની દૃષ્ટિથી (-સૂચનથી) હેય-ઉપાદેયમાં સતત પ્રયત્ન કરવો જોઈએ જેથી ઉચિત પ્રવૃત્તિ કરવાથી ગુણની વૃદ્ધિ થાય અને અનુચિત પ્રવૃત્તિ ન કરવાથી દોષો અટકે.

२. तम्मोत्तीए - આચાર્યે સૂચન કર્યા પ્રમાણે કોઈ પદાર્થ પ્રત્યે રાગભાવ ન થાય અને કોઈ પ્રત્યે સંગભાવ ન થાય તે રીતે સાધુએ નિર્લેપતાથી સદા યત્ન કરવો જોઈએ.

३. तप्पुरक्कारे - સર્વ કાર્યમાં આચાર્યને આગળ કરીને પ્રવૃત્તિ કરવી જોઈએ અર્થાત્ કોઈ પણ કાર્ય કરવું હોય તો પહેલાં આચાર્યને પૂછવું અને આચાર્ય જે પ્રમાણે કહે તે પ્રમાણે સર્વ કાર્ય કરવાં.

४. तस्सण्णी - આચાર્યની સંજ્ઞા સર્વ કાર્યમાં થવી જોઈએ અર્થાત્ આચાર્યના જ્ઞાન પ્રમાણે સર્વ કાર્યો કરવા જોઈએ. આચાર્યે જે વિધિપૂર્વક તે કાર્ય કરવાનું કહ્યું હોય તે વિધિ પ્રમાણે જ તે કાર્ય થવું જોઈએ, પણ સ્વમતિ પ્રમાણે તે કાર્યવિષયક કોઈ યત્ન કરવો જોઈએ નહિ.

५. तण्णिवेसणे - સદા ગુરુની સાથે વસનારો થાય, પરંતુ પોતાની ઈચ્છા પ્રમાણે વસનારો ન થાય.

६. जयंविहारी - પ્રત્યુપેક્ષણાદિ સર્વ ક્રિયાઓ યતનાપૂર્વક કરવાવાળો થાય.

७. चित्तणिवाई - ચિત્ત = આચાર્યનો અભિપ્રાય. સર્વ ક્રિયાઓ આચાર્યના અભિપ્રાય અનુસાર જ કરે.

८. पंथणिज्झाई - ગુરુ કોઈ કાર્ય માટે ગયા હોય તો તેઓના આગમનનો સમય થાય ત્યારે ગુરુની ઉચિત ભક્તિ અર્થે ઊભા થઈને સર્વકૃત્યો કરે.

९. पलिबाहिरे - કાર્ય ન હોય ત્યારે ગુરુના અવગ્રહની બહાર બેસે, જે ઉચિત વિનયરૂપ છે.

१०. पासिय पाणे गच्छेज्जा - કોઈક કાર્ય માટે ગુરુ દ્વારા મોકલવામાં આવે તો પ્રાણીઓને જોતો ઈર્યાસમિતિપૂર્વક જાય.

**– મુનિ શ્રીઆનંદચંદ્રસાગરજી ગણિ** (શ્રીસાગરજી મહારાજનો સમુદાય)

# ભિન્ન પાત્રને સાંધવાની વિધિ

*બૃહત્કલ્પલઘુભાષ્ય* – ગાથા ૫૨૭ માં તૂટેલા પાત્રને બાંધવાનું વિધાન છે. મૂળ ગાથા –

भिज्जेज्ज लिप्पमाणं, लित्तं वा असइए पुणो बंधे । मुद्दिय णावा बंधे, ण तेणबंधेण बंधेज्जा ।।

*શ્રીમલયગિરિજી* રચિત વૃત્તિના આધારે આ ગાથાનો સામાન્ય અર્થ આ પ્રમાણે છે – લિપ્યમાન કે લિપ્ત પાત્ર જો તૂટી જાય અને તેની જગ્યાએ વાપરી શકાય તેવું અન્ય પાત્ર ઉપલબ્ધ ન હોય તો તે પાત્રને પુનઃ બાંધવું જોઈએ. આ બંધન સ્તેન બંધથી નથી કરવાનું, પણ મુદ્રિકા કે નૌકા બંધથી કરી શકાય છે.

અહીં બાંધવાનું તાત્પર્ય બહુધા પાત્રને વસ્ત્રમાં બાંધવાનું એમ સમજવામાં આવે છે. એટલે તૂટેલા પાત્રને વસ્ત્રમાં આવા બંધનોથી બાંધવું અને આવાથી નહીં એવો આ ગાથાનો અર્થ કરવામાં આવે છે.

તેરાપંથી સંસ્થા *જૈન વિશ્વભારતી* – લાડનૂં (રાજસ્થાન) થી પ્રકાશિત *આગમ વિષય કોશ* – ૨ માં પાત્રને વસ્ત્રથી બાંધવાનું એમ સમજીને જ નિરૂપણ કરવામાં આવ્યું છે. ત્યાં વસ્ત્ર દ્વારા વિહિત-અવિહિત બંધનોનું સ્વરૂપ સમજાવવા માટે ચાર રેખાંકનો પણ મૂકવામાં આવ્યાં છે. એ રેખાંકનો જોઈને સ્પષ્ટ પ્રતીત થાય છે કે વસ્ત્રને આવી આવી રીતે રાખીને પાત્ર બાંધવું કે ન બાંધવું જોઈએ એવું જ અત્રે તાત્પર્ય સમજવામાં આવ્યું છે.

પરંતુ વસ્તુતઃ અહીં પાત્રને વસ્ત્રથી બાંધવાની વાત છે જ નહીં. અહીં બંધ શબ્દ તૂટેલા પાત્રને સાંધવાના અર્થમાં પ્રયોજાયો છે. તૂટેલા પાત્રને વિવિધ બંધપદ્ધતિઓથી સાંધી શકાતું હતું. એમાંથી કઈ બંધપદ્ધતિ યોગ્ય છે, અને કઈ પ્રતિષિદ્ધ છે તે સમજાવવા માટે આ ગાથા પ્રયોજાઈ છે.

પાત્રને સાંધવાનાં ત્રણ બંધન છે – ૧. મુદ્રિકાબંધ ૨. નૌકાબંધ ૩. સ્તેનબંધ. પ્રથમ બે બંધન વિહિત છે, અને ત્રીજું નિષિદ્ધ છે.

જેમ વસ્ત્રના બે ટુકડાને અથવા ફાટેલા વસ્ત્રને સાંધવા માટે સોયમાં દોરો નાંખીને સીધા સીધા ટાંકા લેવામાં આવે છે, વાંકાચૂકા નહીં. તેમ પાત્રના બે ટુકડા અથવા ભગ્ન પાત્રને સાંધવા માટે સીધા સીધા ટાંકા લેવામાં આવે તો તે મુદ્રિકાબંધ કહેવાય છે.

નૌકાબંધના બે પ્રકાર છે – ૧. અર્ધ નૌકાબંધ ૨. પૂર્ણ નૌકાબંધ. અર્ધ નૌકાબંધમાં પાત્રને સાંધવા માટે એક ટાંકો સીધો અને બીજો વાંકો લેવામાં આવે છે. અને પૂર્ણ નૌકાબંધમાં બધા જ ટાંકા વક્ર એટલે કે ત્રાંસા જ લેવામાં આવે છે.

સ્તેનબંધમાં પાત્રના બે પડની વચ્ચેથી જ ટાંકા લઈને સાંધવામાં આવે છે. જેમ આજના ડોક્ટરો ઓપરેશન પછી ટાંકા એવી રીતે અંદરથી જ લે છે કે બહાર તે દેખાય જ નહીં. તેવી જ રીતે આ પદ્ધતિએ સાંધેલા પાત્રના ટાંકા પણ બહાર નથી દેખાતા. એટલા માટે જ આ બંધ સ્તેનબંધ તરીકે ઓળખાય છે. પણ આ બંધ નિષિદ્ધ છે. કેમ કે આવી રીતે સાંધવાથી પાત્ર નબળું પડી જાય છે, જે ઉચિત નથી.

*ઓઘનિર્યુક્તિ* ની *શ્રીદ્રોણાચાર્ય* રચિત વૃત્તિમાં આ વિષયની એકદમ સરસ સ્પષ્ટતા મળે છે –

भिद्येत तद् लिप्यमानं पात्रकं वा लिम्पितं वा सद् भिद्येत, ततोऽन्यस्याऽभावे पुनरपि बध्यते – सीव्यते । ... स्तेनकबन्धः पुनर्गुप्तो भवति । मध्येनैव पात्रककाष्ठस्य दवरको याति तावद् यावत् सा राजिः सीविता भवति । तेन स्तेनकबन्धेन दुर्बलं पात्रं भवति, अतोऽसौ वर्जनीयः ।

આ વિવરણ સ્વયં એટલું સ્પષ્ટ છે કે અહીં ભગ્ન પાત્રને વસ્ત્રથી બાંધવાની વાત નથી, પણ દોરાથી સાંધવાની વાત છે તે સમજવામાં કોઈ તકલીફ પડે તેમ નથી. ત્યાં આ ત્રણે બંધ કેવી રીતે થાય છે તે સરળતાથી સમજવા માટે આકૃતિઓ પણ દર્શાવવામાં આવી છે.

**ग्रन्थस्य ग्रन्थान्तरं वृत्तिः** એવી મહાપુરુષોની શીખનો સાચો અર્થ આવા પ્રસંગે જ માલૂમ પડે છે. **– ત્રૈ.**

## પાણસ્સના આગાર ઉચ્ચરવા સંબંધી ચતુર્ભંગી

*પચ્ચક્ખાણભાષ્ય* ની ૧૦ મી ગાથામાં અચિત્ત પાણી વાપરનારા માટે પાણસ્સ... ના પચ્ચક્ખાણનું વિધાન છે અને તેમાં તે પચ્ચક્ખાણના આગારો પણ જણાવાયા છે. પરંતુ તેમાં ક્યાંય અચિત્ત પાણી વાપરનાર પુણ્યશાળી સચિત્તનો ત્યાગ કરે તો જ તે પાણસ્સ... નું પચ્ચક્ખાણ આગાર સહિત લઈ શકે તેવું જણાવાયું નથી. પણ *શ્રીજ્ઞાન-વિમલસૂરિજી* એ રચેલા *બાલાવબોધ* માં આ સંબંધે નીચે પ્રમાણે ચતુર્ભંગી જણાવવામાં આવી છે –

૧. સચિત્ત ભોજન – સચિત્ત જળ – પાણીના આગાર પચ્ચક્ખાણમાં ન લેવાય.

૨. સચિત્ત ભોજન – અચિત્ત જળ – પાણીના આગાર પચ્ચક્ખાણમાં ન લેવાય.

૩. અચિત્ત ભોજન – સચિત્ત જળ – પાણીના આગાર પચ્ચક્ખાણમાં ન લેવાય.

૪. અચિત્ત ભોજન – અચિત્ત જળ – પાણીના આગાર પચ્ચક્ખાણમાં લેવાય.

આ પ્રરૂપણાના આધારે સ્પષ્ટ સમજાય છે કે અચિત્ત પાણીનું પચ્ચક્ખાણ લેનારે સચિત્ત પદાર્થનું ભોજન કરવું કલ્પે નહીં. – **મુનિ શ્રીઆગમચંદ્રસાગરજી** (શ્રીસાગરજી મહારાજનો સમુદાય)

* * *

## સંઘબહુમાન

*સંવેગરંગશાળા* માં (ગાથા – ૨૦૬૪-૬૫) સંઘબહુમાનને સંબંધિત એક રસપ્રદ ઉલ્લેખ જોવા મળ્યો –

સાધુ કે ગૃહસ્થ, અનિયતચર્યાને ભાવિત કરવા તીર્થયાત્રા કરવા જાય, ત્યારે તીર્થોમાં કે માર્ગમાં આવતાં ચૈત્યોમાં જઈને સૌપ્રથમ 'સંઘ આ વંદન કરે છે' આવું પ્રણિધાન કરીને સંઘવતી વંદના (-ચૈત્યવંદન) કરે. અને ત્યારપછી પોતાનું ચૈત્યવંદન કરે. મૂળ પાઠ –

तत्थ गिही साहू वि य पासित्ता चेइयाइं तो सम्मं । 'संघो किरेस वंदइ' इय पणिहाणेण पढमं तु ।।

काऊण वंदणं संघसंतियं चेइयाणमुवउत्तो । तो अप्पसंतियं पिहु तदवत्थो च्चिय कुणइ सम्मं ।।

આના પરથી બે વાત સમજાય છે કે ૧. સંઘ અનન્ય ઉપકારી હોવાથી હમેશા સંઘને સ્મરણમાં રાખવો અને આગળ કરવો. ૨. આપણે ત્યાં બીજા વતી અન્ય વ્યક્તિ કોઈ ક્રિયા ન જ કરી શકે એવો એકાંત આગ્રહ રખાતો હોય છે. તે આ પ્રરૂપણા પરથી વિચારણીય નથી જણાતું ? – **મુનિ શ્રીતીર્થતિલકવિજયજી** (શ્રીકલાપૂર્ણસૂરિજી-સમુદાય)

* * *

## આચાર્ય ભગવંતની દેશનામુદ્રા

જિનેશ્વર પ્રભુ જે મુદ્રાએ દેશના આપે એ જ મુદ્રાએ સૂરિ ભગવંત વ્યાખ્યાન આપે.

*ચેઈયવંદણમહાભાસ* માં કહ્યું છે કે –સિંહાસનમાં બેસી બન્ને પગ પાદપીઠ ઉપર સ્થાપી યોગમુદ્રાએ હાથ રાખી જિનેશ્વર દેશના આપે. એ જ રીતે આચાર્ય પણ જિનેશ્વરના પ્રતિબિંબ સમાન હોવાથી દેશના આપે. માત્ર ફરક એટલો કે મુહપત્તિ રાખે. મૂળ પાઠ –

सिंहासणे निसन्नो, पाए ठविऊण पायपीढम्मि ।
करधरियजोगमुद्दो, जिणनाहो देसणं कुणइ ।। ८४ ।।
तेणं चिय सूरिवरा, कुणंति वक्खाणमेयमुद्दाए ।
जं ते जिणपडिरूवा, धरंति मुहपोत्तियं नवरम् ।। ८५ ।।

- **મુનિ શ્રીરાજદર્શનવિજયજી** (શ્રીડહેલાવાળા-સમુદાય)

* * *

# *ધર્મકથાનુયોગ*

## વિજયલક્ષ્મીસૂરિજીનું સૂરિપદ ક્યારે ?

*આણસૂરગચ્છ* ના *શ્રીલક્ષ્મીસૂરિજી* મહારાજ પર્યુષણના અટ્ઠાઈ પ્રવચનોના કારણે શ્રીસંઘમાં સુપ્રસિદ્ધ છે. એ મહાપુરુષની આચાર્યપદવી ક્યારે થઈ એ વિષયમાં મતાંતર જોવા મળે છે.

જૈન પ્રકાશન મંદિર – અમદાવાદ દ્વારા પ્રકાશિત દેવવંદનમાળામાં આગળના ભાગમાં એમનું સંક્ષિપ્ત જીવનચરિત્ર આપવામાં આવ્યું છે. એમાં જણાવાયું છે કે સં. ૧૮૧૪ ની મહા શુદિ ૫ ને શુક્રવારે *શ્રીસૌભાગ્યસૂરિજી* પાસે તેમણે દીક્ષા લીધી હતી. અને તેમની આચાર્યપદવી સિહોરમાં સં. ૧૮૩૫ ની ચૈત્ર શુદિ ૧ ના દિવસે થઈ હતી.

જ્યારે કવિબહાદુર *શ્રીદીપવિજયજી સોહમકુલ-પટ્ટાવલી રાસ* – ઢાળ – ૫૨ માં "સં. ૧૮૧૪ ની ચૈત્ર શુદિ ૧૦ ના દિવસે *સિનોર* માં *શ્રીસૌભાગ્યસૂરિજી* એ *શ્રીલક્ષ્મીસૂરિજી* ને દીક્ષા અને આચાર્યપદ એક જ દિવસે એક સાથે આપ્યાં હતાં. તથા પોતાના પટ્ટધર જાહેર કર્યા હતા. અને *શ્રીસૌભાગ્યસૂરિજી* ના કાળધર્મ પછી *સિનોર* ના *છિત્તા વસનજી* એ સંઘ સાથે મળીને તેમનો સૂરિપદનો મહોત્સવ કર્યો હતો." એમ જણાવે છે.

*શ્રીદીપવિજયજી શ્રીલક્ષ્મીસૂરિજી* પાસે રહ્યા છે અને એમની પાસે પોતે ભણ્યા પણ છે. એટલે એમની વાત પર જ વધુ વિશ્વાસ મૂકવો પડે. પરંતુ ફક્ત ૧૭ વર્ષની ઉંમરે એકસાથે એક જ વ્યક્તિની દીક્ષા અને આચાર્યપદવી થાય એ વાત પણ સ્વીકારવી અઘરી જણાય છે. તો આમાં તથ્ય શું હોઈ શકે તે જણાવવા તજ્જ્ઞોને વિનંતિ છે.

દેવવંદનમાળામાં *સિનોર* ના સ્થાને *સિહોર* છપાયું છે તે તો સ્પષ્ટ ભૂલ જ લાગે છે. કેમ કે *સિનોર* માં આજે પણ શ્રીલક્ષ્મીસૂરિજીની ચરણપાદુકા છે.

*સોહમકુલ-પટ્ટાવલી રાસ* નો મૂળ પાઠ –

"અઠારસેંહે ચઉદે રે શ્રીચૈતરમાસે, સુદિ દસમી દિવસે રે અતિહેં ઉલ્લાસે,
દીક્ષા ને સૂરિપદ રે દેઈ પટોધર કીનો, સૂરિ આયુપૂરણથી રે સુરગતિ પદ લીનો.
પછેં મોહોચ્છવ મોટો રે સૂરિપદનો તિહાં, કરેં છિતા વસનજી રે, સંઘ મળી તિહાં..."

– **મુનિ શ્રીમુક્તિતિલકવિજયજી** (શ્રીકલાપૂર્ણસૂરિજી-સમુદાય)

* * *

## ૧. સર્વ વાસુદેવોનું બળ એક સરખું ન હોય

વર્તમાન અવસર્પિણીનાં પ્રથમ વાસુદેવ ત્રિપૃષ્ઠ (શ્રમણ ભગવાન મહાવીરસ્વામીનો ૧૮ મા ભવ)ના બળનું વર્ણન કરતાં *આવશ્યકનિર્યુક્તિ* ની ૪૪૫ મી ગાથાની *હારિભદ્રીય* વૃત્તિમાં જણાવાયું છે કે – પ્રથમ વાસુદેવે એક કરોડ માનવો ઉપાડી શકે એવી કોટિશિલાને પોતાના બાહુબળથી મસ્તક સુધી ઉપાડી લીધી. ત્યાં આગળ જતાં આ જ વાતને વધુ સ્પષ્ટ કરવામાં આવી છે કે પડતા કાળના પ્રભાવે પછી પછી થનારા વાસુદેવોનું બળ ક્રમશઃ ઘટતું જાય છે. અંતિમ વાસુદેવ શ્રીકૃષ્ણ કોટિશિલાને માત્ર જાનુ સુધી જ ઉપાડી શક્યા હતા.

कोडिसीला दंडबाहाहिँ धारिआ । ... एवं परिहायमाणे बले कण्हेण किल जाणुगाणि जाव किहवि पाविया ।।

આમ, કાળના પ્રભાવે વાસુદેવોનું બળ ક્રમશઃ ઘટતું જાય છે. એવી જ રીતે પ્રતિવાસુદેવ, બળદેવ અને ચક્રવર્તીઓનું બળ પણ ક્રમશઃ ઘટતું જતું હશે એમ સમજાય છે. તીર્થંકરોનું બળ તો ક્ષાયિક ભાવનું હોવાથી તેમાં તરતમતા ન સંભવે.

## ૨. નવ લોકાંતિક દેવો દ્વારા થતી વિનંતિ વિશે

*આવશ્યક-મૂલભાષ્ય* ની ગાથા - ૮૮ ની *હારિભદ્રીય* વૃત્તિમાં દ્વારગાથાના ઉપન્યાસના ક્રમનું કારણ જણાવતાં એ શક્યતા દર્શાવી છે કે – તીર્થંકર પરમાત્માને લોકાંતિક દેવો વિનંતિ કરે પછી જ મહાદાન એટલે કે વર્ષીદાનનો પ્રારંભ કરે એવો નિયમ નથી. ક્યારેક લોકાંતિક દેવો મહાદાનનો પ્રારંભ થઈ ગયા પછી પણ વિનંતિ કરવા આવે. મૂળ પાઠ –

आह – ऋषभदेवाधिकारे 'संबोहणपरिच्चाएत्ति' इत्यादिद्वारगाथायां संबोधनोत्तरकालं परित्यागद्वारमुक्तं, तथा *मूलभाष्यकृता* व्याख्या कृतेति । अधिकृतद्वारगाथायां तु 'दाणे संबोध निक्खमणे' इत्यभिहितं, इत्थं व्याख्या कृतेति । ततश्च इह दानद्वारस्य संबोधनद्वारात् पूर्वमुपन्यासः, तत्र वा संबोधनद्वारादुत्तरं परित्यागद्वारस्य विरुध्यत इति, उच्यते, न सर्वतीर्थकराणामयं नियमो यदुत संबोधनोत्तरकालभाविनी महादानप्रवृत्तिरिति, अधिकृतग्रन्थोपन्यासान्यथानुपपत्तेः ।

**(લેખકે નામ જણાવ્યું નથી.)**

* * *

## ૧. હરિનૈગમેષી સામાન્ય દેવ નથી

હરિનૈગમેષી ઈન્દ્રની સેનાના અધિપતિ દેવ છે. અને તેમની સાત કચ્છા છે. કચ્છા એટલે પોતાના આજ્ઞાવર્તી દેવોનો સમૂહ.

ઈશાન દેવલોકથી અચ્યુત સુધીના સઘળા દેવલોકમાં સર્વ ઈન્દ્રોની પદાતિ સેનાની સાત સાત કચ્છા હોય છે.

સેનાનાયક હરિનૈગમેષીની પહેલી કચ્છામાં ૮૪,૦૦૦ દેવો હોય. ત્યારબાદ દરેક કચ્છામાં બમણી સંખ્યા કરવી એટલે બેથી સાત કચ્છામાં ક્રમશઃ ૧,૬૮,૦૦૦ વગેરે દેવસંખ્યા ગણતાં કુલ મળીને ૯૭,૬૮,૦૦૦ પદાતિ દેવસૈનિકનો નાયક હરિનૈગમેષી દેવ છે. આમ સુઘોષા ઘંટા વગાડનાર દેવ અતિવિશિષ્ટ છે. આ સંબંધે *લોકપ્રકાશ* નો મૂળ પાઠ –

पत्तिसैन्यपतेरस्य, कच्छाः सप्त प्रकीर्तिताः । कच्छाशब्देन च स्वाज्ञा-वशवर्ति सुरव्रजः ।।६८९।।

ईशानाद्यच्युतान्ताना-मेवं सर्व बिडौजसाम् । पत्तिसैन्यपतेः कच्छाः, सप्त सप्त भवन्ति हि ।।६९०।।

देवास्तत्राऽऽद्यकच्छायां, स्वेन्द्रसामानिकैः समाः ।

द्वितीयाद्याः षडन्याश्च, द्विधा द्विधा यथोत्तरम् ।।६९१।। (सर्ग – २६)

## ૨. નલિનીગુલ્મ વિમાન ક્યાં રહેલું છે ?

જાણીતી વાત છે કે અવંતિસુકુમાલ નલિનીગુલ્મમાંથી આવ્યા અને પુન: ત્યાં જ ગયા. પણ એ વિમાન ક્યાં રહેલું છે ? એ આપણને પ્રાયઃ ખબર હોતી નથી.

*ઉત્તરાધ્યયનસૂત્ર* ની *શ્રીભાવવિજયજી* રચિત ટીકા – અધ્યયન ૩ ની વૃત્તિમાં એનો સંદર્ભ મળે છે. તેમાં ત્રીજા નિહ્નવની કથામાં અષાઢાચાર્યની વાત આ પ્રમાણે છે –

तया रुजा विपन्नाश्च, कल्पे सौधर्मसंज्ञके ।

विमाने नलिनीगुल्मे, सुध्यानाद् देवतां ययु: ।।

અષાઢાચાર્યને વિસૂચિકાનો રોગ થયો. તેના લીધે રાત્રે જ મૃત્યુ પામ્યા અને સૌધર્મ દેવલોકમાં નલિનીગુલ્મ વિમાનમાં દેવ થયા.

*ઉત્તરાધ્યયનસૂત્ર* ની અન્ય વૃત્તિઓમાં પણ આ પ્રમાણે જ જણાવાયું છે.

## ૩. ૨૪ તીર્થંકરોને દેવદૂષ્ય વસ્ત્ર કયાં સુધી રહ્યું ?

ઋષભ પ્રભુ અને વીર પ્રભુને દેવદૂષ્ય વસ્ત્ર સાધિક વરસ સુધી રહ્યું અને અન્ય તીર્થંકરોને હમેશાં (નિર્વાણ પર્યન્ત) રહ્યું. *લોકપ્રકાશ* ના સર્ગ ૨૨ માં આ સંબંધે જણાવાયું છે કે –

शक्रन्यस्तं देवदूष्यं, स्कन्धे वृषभ-वीरयो: । संवत्सरं सातिरेकं, शेषाणां सर्वदा स्थितम् ।। ९७९ ।।

જ્યારે આ બાબતમાં *સપ્તતિસ્થાનક* ગ્રંથનો મત જુદો પડે છે. ત્યાં વીરપ્રભુને સાધિક વરસ અને અન્ય ૨૩ તીર્થંકરોને છેક સુધી દેવદૂષ્ય હતું એમ જણાવાયું છે –

सक्को य लक्खमूलं, सुरदूसं ठवइ सव्वजिणखंधे । वीरस्स वरिसमहिअं, सयावि सेसाण तस्स ठिई ।।

– **મુનિ શ્રીરાજદર્શનવિજયજી** (શ્રીડહેલાવાળા-સમુદાય)

* * *

## મરુદેવા માતાને કેવલપ્રાપ્તિ વિષયક મતાંતર

મરૂદેવા માતાને કેવલપ્રાપ્તિના પ્રસંગમાં તેઓ અન્યત્વભાવનાના પ્રવાહમાં આગળ વધતાં શુક્લધ્યાનની ધારામાં ચઢી સર્વકર્મોનો ક્ષય કરીને કેવલજ્ઞાનને વર્યા તે પ્રસિદ્ધ છે. સંસ્કૃત ચરિત્રોમાં, ગુજરાતી કથાનકોમાં તેમ જ ‘તુજ સાથે નહિ બોલું રિખવજી’ જેવી સજ્ઝાયોમાં આ પ્રસંગ આ રીતે જ વર્ણવવામાં આવે છે.

પણ તેની સામે ઘણે ઠેકાણે મરૂદેવા માતાને કેવલપ્રાપ્તિ પ્રભુ આદિનાથની અતિશયવંત તીર્થંકરસમૃદ્ધિના દર્શનના આનંદ દ્વારા ઉપજેલી યોગની સ્થિરતાના કારણે થઈ તેમ પણ જણાવવામાં આવે છે –

साऽपश्यत् तीर्थकृल्लक्ष्मीं तस्याऽतिशयशालिनीम् । तस्यास्तद्दर्शनानन्दस्थैर्यात् कर्म व्यशीर्यत ।।
भगवद्दर्शनानन्दयोगस्थैर्यमुपेयुषी । केवलज्ञानमम्लानमाससाद तदैव सा ।।

– *શ્રીહેમચંદ્રાચાર્ય* રચિત *યોગશાસ્ત્ર* – ૧.૧૦ ની સ્વોપજ્ઞ વૃત્તિ

साऽपश्यत् तीर्थकृल्लक्ष्मीं सूनोरतिशयान्विताम् । तस्यास्तद्दर्शनानन्दात् तन्मयत्वमजायत ।।
साऽऽरुह्य क्षपकश्रेणिमपूर्वकरणक्रमात् । क्षीणाष्टकर्मा युगपत् केवलज्ञानमासदत् ।।

– *ત્રિષષ્ઠિ૦* – ૧.૩.૫૨૮-૯

ઉપાધ્યાય *શ્રીવિનયવિજયજી* મહારાજે રચેલી સજ્ઝાયમાં પણ “હૈયે હર્ષ ન માય..હરખનાં આંસુ રે આવિયાં” એમ કહીને પ્રસ્તુત મતનું જ સમર્થન કર્યું છે. આમ મરૂદેવા માતાને કેવલપ્રાપ્તિના પ્રસંગમાં બે મતાંતર જોવા મળે છે.

– **મુનિ શ્રીઅક્ષયરત્નવિજયજી** (શ્રીધર્મસૂરિજી-સમુદાય)

* * *

## ચક્રવર્તીનો અવગ્રહ ક્યારથી ગણાય ?

*બૃહત્કલ્પભાષ્ય* – ગાથા ૬૬૮ થી ૬૮૫ માં પાંચ પ્રકારના અવગ્રહની દ્રવ્યાદિ ૪ થી પ્રરૂપણા કરવામાં આવી છે. તેમાં કાળની અપેક્ષાએ ચક્રવર્તીના અવગ્રહનું નિરૂપણ કરતાં ભરત ચક્રવર્તીનો અવગ્રહ ૮૪ લાખ પૂર્વનો અને બ્રહ્મદત્તનો ૭૦૦ વર્ષ જણાવાયો છે. સ્વાભાવિક રીતે પ્રશ્ન થાય કે જણાવાયેલ કાળ તો તે તે ચક્રવર્તીનો કુલ આયુષ્ય-કાળ છે. એમનો ચક્રવર્તીપર્યાય તો એના કરતાં ઘણો ઓછો હતો. તો એમના અવગ્રહનો કાળ આટલો વધારે કેવી રીતે હોય ? આ પ્રશ્નનું સરસ સમાધાન *શ્રીમલયગિરિજી* ની વૃત્તિમાં (ગાથા – ૬૮૨) અપાયું છે. સમાધાન –

इह योग्यतामङ्गीकृत्य भरतादयो जन्मत एव चक्रवर्तिनो मन्तव्याः । यत उत्पन्नमात्र एव चक्रवर्तिनि तदीयतथाविधाद्भुतभाग्यसम्भारसमावर्जितास्तदाभाव्यक्षेत्रनिवासिदेवताः 'उत्पन्नोऽयं सकलमहीवलय-

स्वामी' इति प्रमोदभाजस्तदानुकूल्यवृत्तयस्तज्जयाभिलाषिण्यस्तत्प्रत्यनीकप्रयुक्तप्रत्यूहापहाराय वर्तन्ते इति समीचीनमेव यथोक्तकालमानम् ।। – त्रै.

## જિજ્ઞાસા

**?** *શ્રીજગચિંતામણિસૂત્ર* ના આધારે ફલિત થાય છે કે જ્યારે ૨૦ તીર્થંકર પ્રભુ વિચરતાં હોય ત્યારે કેવલી ભગવંતો ૨ કરોડની સંખ્યામાં અને સાધુ-સાધ્વી ભગવંતો ૨૦૦૦ કરોડની સંખ્યામાં હોય. તો પછી, જ્યારે ૧૭૦ તીર્થંકર પ્રભુ વિચરતાં હોય ત્યારે કેવલી ભગવંતોની સંખ્યા ૧૭ કરોડ અને સાધુ-સાધ્વીજીની સંખ્યા ૧૭૦૦ કરોડ જોઈએ. પરંતુ ૧૭૦ પ્રભુના સમયમાં ૯ કરોડ કેવલીઓ અને ૯૦૦ કરોડ સાધુ-સાધ્વી જ હોય છે. આવું કેમ ? પ્રભુની સંખ્યા વધે તે પ્રમાણમાં કેવલી અને શ્રમણ-શ્રમણીની સંખ્યા કેમ વધતી નથી ? – **મુનિ શ્રીઆનંદચંદ્રસાગરજી ગણિ** (શ્રીસાગરજી મહારાજનો સમુદાય)

**?** "સો ક્રોડ સાધુ સો ક્રોડ સાધ્વી જાણ, એસો પરિવાર સીમંધર ભગવાન;

દશ લાખ કહ્યા કેવલી પ્રભુજીનો પરિવાર, *વાચક યશ* વંદે નિત નિત વાર હજાર."

ઉપાધ્યાય *શ્રીયશોવિજયજી* રચિત આ સ્તુતિમાં જણાવ્યા મુજબ શ્રીસીમંધરસ્વામી પાસે જો સો કરોડ સાધુ ભગવંતો અને સો કરોડ સાધ્વીજી ભગવંતો – એમ કુલ મળીને ૨૦૦ કરોડ શ્રમણ-શ્રમણીઓનો પરિવાર હોય તો ૨૦ વિહરમાન પ્રભુજીના પરિવારની કુલ સંખ્યા ૪૦૦૦ હજાર કરોડ થશે. હવે આ વિહરમાન પ્રભુજીઓ તો ફક્ત ૨૦ વિજયોમાં જ છે. એમાં જો બાકી રહેલી ૧૪૦ વિજયોમાં વિચરતા સાધુ-સાધ્વીજીઓની સંખ્યા ઉમેરીએ તો ૪૦૦૦ કરોડથી અધિક સંખ્યા થશે. તે જ પ્રમાણે કેવલી ભગવંતો પણ ૧૦ લાખ × ૨૦ = ૨ કરોડ થશે. અને એમાં અન્ય ૧૪૦ વિજયોમાં વિચરતા કેવલી ભગવંતોની સંખ્યા ઉમેરીએ તો એ પણ ૨ કરોડથી વધારે જ થવાની.

હવે બીજી તરફ *શ્રીજગચિંતામણિસ્તોત્ર* માં "સમણહ કોડી સહસ્સ દુઅ" અને "બિહું કોડીહિં વરનાણ" એ પાઠોમાં તો કેવલી ભગવંતોની સંખ્યા ૨ કરોડ અને સાધુ-સાધ્વીજી ભગવંતોની સંખ્યા ૨૦૦૦ હજાર કરોડ જણાવવામાં આવી છે. તો ઉપરોક્ત સ્તુતિમાં થયેલ પ્રતિપાદન અને અત્રે સ્તોત્રમાં જણાવાયેલી વાતની સંગતિ કઈ રીતે સમજવાની છે તે વિદ્વજ્જનોને જણાવવા વિનંતિ છે. – **મુનિ શ્રીઆગમચંદ્રસાગરજી** (શ્રીસાગરજી મહારાજનો સમુદાય)

**?** અપૂર્વકરણના પ્રથમ સ્થિતિઘાતમાં ઘાત્યમાન સ્થિતિ જઘન્યથી પલ્યોપમનો સંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટથી સંખ્યાત સાગરોપમ પ્રમાણ હોય છે. અને ત્યારપછીના બીજા સર્વ સ્થિતિઘાતો પલ્યોપમના સંખ્યાતમા ભાગ જેટલા હોય છે. આ પ્રમાણવાળા હજારો સ્થિતિઘાત કરવાથી એકવાર સેંકડો સાગરોપમ અને ત્યારબાદ પલ્યોપમના હજારો સંખ્યાતા ભાગો – આટલી જ સ્થિતિ ઘટવી જોઈએ. હવે કર્મસાહિત્યમાં પ્રરૂપણા તો એવી થાય છે કે અપૂર્વકરણના પ્રથમ સમયે જે સત્તા હોય છે તેના કરતાં અપૂર્વકરણના ચરમ સમયે સત્તા સ્થિતિઘાતના લીધે સંખ્યાતગુણહીન થઈ જાય છે તો આ કેવી રીતે થઈ શકે ? કારણ કે ૧૦ કોટાકોટી પલ્યોપમ = ૧ સાગરોપમ થાય. – **મુનિ શ્રીમલયગિરિવિજયજી, મુનિ શ્રીપ્રેમહંસવિજયજી** (શ્રીનેમિસૂરિજી-સમુદાય)

**?** સમવસરણમાં છદ્મસ્થ ગણધર ભગવંતની દેશના ચાલતી હોય ત્યારે એ જ સમવસરણમાં કેવલિ પર્ષદામાં કેવલી ભગવંતો હોય ? અને તેઓ ગણધરની દેશના સાંભળે ? – **મુનિ શ્રીરાજદર્શનવિજયજી** (શ્રીડહેલાવાળા-સમુદાય)

**?** વાંચનમાં સર્વ સ્થાને ભગવાનને અથવા ગુરુને વંદન કરવાનો પાઠ तिक्खुत्तो आयाणं વગેરે આવે છે. તો આપણે ત્યાં ક્યારથી બદલાયું ? એ વિધિ શા માટે બદલવી પડી ? – **મુનિ શ્રીતીર્થતિલકવિજયજી** (શ્રીકલાપૂર્ણસૂરિજી-સમુદાય)

**? ૧.** *પક્ખીસૂત્ર* ના આલાવાઓમાં વ્યવહારથી પાંચે મહાવ્રત દર્શાવવામાં આવ્યા છે. અને अपसत्था...થી નૈશ્ચયિક. પણ અદત્તાદાન માટે उग्गहंसि... ગાથા તો વ્યવહારનયની છે. તો નિશ્ચયનયની દૃષ્ટિએ અદત્તાદાનનું સ્વરૂપ શું હોઈ શકે ?

**? ૨.** જૈન દર્શનમાં બધાં દર્શનો સમાઈ જાય છે. તો નવધા ભક્તિનો જૈન દર્શનમાં આપણે કેવી રીતે સમાવેશ કરી શકીએ ?

**? ૩.** કલિકાલસર્વજ્ઞ શ્રીહેમચંદ્રાચાર્ય सकलार्हत्... સ્તોત્રમાં नामाकृतिद्रव्यभावैः पुनतस्त्रिजगज्जनम् એમ કહે છે. તો સર્વ ક્ષેત્ર અને સર્વ કાળમાં પ્રભુજીના ભાવનિક્ષેપાની ઉપયોગિતા કેવી રીતે સિદ્ધ થાય ?

**? ૪.** *ધ્યાનશતક* – ગાથા ૮૭ માં શુક્લધ્યાનીને ध्यानविरमेऽपि એમ કહીને અનુપ્રેક્ષા દર્શાવી છે. હવે શુક્લધ્યાન તો આખા ભવચક્રમાં એક જ વાર આવે છે. અને એ એકવાર થયા પછી તો નિયમા કેવલજ્ઞાન અપાવે જ. તો આ વાતની સંગતિ કેવી રીતે કરવી ?

**? ૫.** सव्वप्पमायरहिया मुणओ खीणोवसंतमोहा य ।

आयारो नाणधणा धम्मज्झाणस्स निद्दिट्ठा ।। (*ધ્યાનશતક* – ગાથા ૬૩)

अप्रमत्तादारभ्य क्षीणमोहगुणस्थानवर्तिनो महात्मानो धर्मध्यानाधिकारिणो भवन्ति ।। (તત્ત્વાર્થસૂત્ર – *સિદ્ધસેન* અને *હરિભદ્રસૂરિજી* રચિત વૃત્તિ – અધ્યાય ૯)

આ શાસ્ત્રપાઠોમાં દર્શાવ્યા મુજબ જો ક્ષીણમોહ ગુણસ્થાનક સુધી ધર્મધ્યાન જ રહેતું હોય તો શું એ મહાત્માઓ શુક્લધ્યાન ધ્યાયા વગર જ કેવલજ્ઞાન પ્રાપ્ત કરે છે ? શાસ્ત્રોમાં શું એવું કોઈ દૃષ્ટાંત મળે છે ? – **મુનિ શ્રીહેમનિલયવિજયજી** (શ્રીનીતિસૂરિજી-સમુદાય)

* * *

## સમાધાન

**?** શ્રીશત્રુંજય મહાતીર્થના ૧૦૮ શિખરો (-ટૂંક) છે. તેમાંથી ૨૧ વધુ પ્રસિદ્ધ છે. એ ૨૧ શિખરોમાં રૈવતગિરિ પાંચમું શિખર છે. આ ૨૧ ટૂંકનાં નામ કાવ્યરચનાઓમાં ગૂંથવામાં પણ આવ્યાં છે. જેમ કે –

"સિદ્ધાચલ શિખરે ચઢી, ધ્યાન ધરો જગદીશ; મન-વચ-કાય એકાગ્રશું, નામ જપો એકવીશ.

શત્રુંજયગિરિ વંદીએ, બાહુબલી ગુણધામ; મરૂદેવ પુંડરીકગિરિ, રૈવતગિરિ વિશ્રામ." (શ્રી*શુભવીર*-કૃત ચૈત્યવંદન)

બીજી તરફ "નેમિ વિના ત્રેવીશ પ્રભુ, આવ્યા સિદ્ધક્ષેત્ર જાણી" જેવાં અનેક સ્થળે શ્રીનેમનાથ સિવાયના ત્રેવીસ તીર્થંકર ભગવંતો સિદ્ધાચલ પર સમોસર્યા એવું વર્ણન જોવા મળે છે. હવે શ્રીનેમનાથ પ્રભુના ત્રણ કલ્યાણક રૈવતકગિરિ પર થયા એ તો પ્રસિદ્ધ જ છે. તો જો ગિરનાર પર્વત શત્રુંજયની જ ટૂંક ગણાતો હોય તો શ્રીનેમનાથ પ્રભુ શત્રુંજય પર નથી આવ્યા એવું કઈ રીતે કહી શકાય ? **(શ્રુતસંવિભાગ-૪)**

@ સિદ્ધાચલની મુખ્ય ટૂંક પર નેમિનાથ આવ્યા ન હતા એની અપેક્ષાએ 'નેમિ વિના ત્રેવીસ પ્રભુ, આવ્યા સિદ્ધક્ષેત્ર જાણી' એવું જણાવેલ હશે. બીજી ધ્યાનપાત્ર બાબત એ પણ છે કે પૂર્વકાળમાં શત્રુંજય ઘણો વિશાળ હતો. શત્રુંજય અને ગિરનાર વચ્ચે વર્તમાનમાં તો ઘણું અંતર છે. તો શું એવું હોઈ શકે કે ઉપરોક્ત રચના બે વચ્ચે અંતર થયું પછીની હોય ? – **મુનિ શ્રીસૌમ્યપ્રભવિજયજી** (શ્રીકેસરસૂરિજી-સમુદાય)

**?** *પ્રવચનસારોદ્ધાર* ની ગાથા ૪૪૧ થી ૪૫૦ માં પ્રભુના ચોત્રીસ અતિશયોનું વર્ણન કરવામાં આવ્યું છે. તેમાં ગાથા ૪૪૫ ની વૃત્તિમાં જણાવાયું છે કે પ્રભુનું સિંહાસન અતિ નિર્મળ સ્ફટિક મણિમય હોય છે. आकाशवदत्यन्तं स्वच्छो योऽसौ स्फटिकमणिस्तन्मयं सिंहासनं सपादपीठं... આની સામે પ્રભુનું સિંહાસન સુવર્ણમય હોય છે તેમ પણ ઘણે ઠેકાણે જણાવવામાં આવે છે. જેમ કે – "મહાવિદેહમાં સીમંધરસ્વામી સોનાનું સિંહાસન જી..." તો આમાં ખરેખર શું સમજવું ? (**શ્રુતસંવિભાગ – ૬**)

**@** પ્રભુનું સિંહાસન સ્ફટિકરત્નમય જ હોય છે. *આવશ્યકનિર્યુક્તિ* ની *શ્રીમલયગિરિ* મહારાજ દ્વારા રચિત વૃત્તિ, *ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત, મહાવીરચરિયં, સુમઈનાહચરિયં* આદિ ગ્રંથોમાં સમવસરણના વર્ણનના પ્રસંગમાં *પ્રવચનસારોદ્ધાર* ની જેમ રત્નમય સિંહાસનની જ વાત છે. મૂળ પાઠ –

तस्याऽभ्यन्तरे सिंहासनं सपादपीठं स्फटिकमयं... (*આવશ્યક* – ગાથા ૫૫૩ – *મલયગિરિવૃત્તિ*)

पवरमणिरयणरुइरं, वंतरदेवेहिं सालमज्झंमि ।<br>
सीहासणं ठविज्जइ, सपायपीढं सुरमणिज्जं ।। (*મહાવીરચરિયં* – ૮.૬ – *શ્રીગુણચંદ્ર ગણિ*)

तन्मध्ये पूर्वदिग्भागे, रत्नसिंहासनं व्यधुः । (*પાર્શ્વનાથચરિત્ર* – ૬.૨૩૧ – *શ્રીભાવદેવસૂરિજી*)

रत्नसिंहासने पूर्वा-भिमुखो न्यषदत् प्रभुः ।। (*ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત* – ૩.૪.૬૮ – *શ્રીહેમચંદ્રાચાર્ય*)

तं मज्झे पुव्वदिसाइ, रयणसीहासणं विउव्वंति ।<br>
ते च्चिय सपायपीढं, उवगूढं तिजयलच्छीए ।। (*સુમઈનાહચરિયં* – ૧૫૩૨ – *શ્રીસોમપ્રભસૂરિજી*)

विरेजुरस्योपरि चारुसिंहा-सनानि चत्वारि मणिमयानि ।। (*સમવસરણસ્તોત્ર* – ૧૩)

ગુજરાતી સ્તુતિઓમાં પણ પ્રાયઃ રત્નમય સિંહાસનનો જ ઉલ્લેખ જોવા મળે છે –

"ઋષભ જિનેશ્વર કેવલ પામી રયણસિંહાસન ઠાયાજી..." (*શ્રીશુભવીર* રચિત *આદિનાથસ્તુતિ*)

આની સામે માત્ર ઉપાધ્યાય *શ્રીવિનયવિજયજી* રચિત *કાળલોકપ્રકાશ* – ૩૦.૬૧૫ માં तानि स्वर्णमयान्युद्य-द्रत्नावलीखचितानि च એમ કહીને સુવર્ણમય સિંહાસન જણાવાયું છે. – **મુનિ શ્રીશીલચંદ્રવિજયજી** (ડહેલાવાળા-સમુદાય)

**?** भूतले घटाभावः આ અનુભૂતિને નૈયાયિકો અભાવ નામના સ્વતંત્ર પદાર્થને માનીને જ સંગત કરે છે. પણ જૈન દૃષ્ટિ તો અત્યંતાભાવને ત્રૈકાલિક તાદાત્મ્યપરિણામની નિવૃત્તિ તરીકે વ્યાખ્યાયિત કરે છે, તેના મતે તો અભાવ સ્વતંત્ર પદાર્થ નથી. દરેક પદાર્થ ભાવાભાવાત્મક છે. એટલે ઘટ સિવાયની વસ્તુઓ જ ઘટરૂપે નાસ્તિત્વ ધરાવતી હોવાથી ઘટાભાવ તરીકે ઓળખાય છે. અને તેથી ભૂતલ પર રહેલા પટને જ તેના ઘટરૂપે નાસ્તિત્વ-સ્વભાવની વિવક્ષાએ भूतले घटाभावः તરીકે ઓળખી શકાય છે. પણ જ્યારે ભૂતલ પર કશું જ પડ્યું ન હોય ત્યારે કોના નાસ્તિત્વ-સ્વભાવની વિવક્ષાએ भूतले घटाभावः એવી અનુભૂતિ થાય ? ત્યાં જે આકાશ હોય છે તેના ઘટરૂપે નાસ્તિત્વ-સ્વભાવની વિવક્ષા કરીને भूतले घटाभावः એવી અનુભૂતિ સમજવાની હોય છે ? કે અન્ય કોઈ રીતે જૈન દૃષ્ટિએ આ અનુભૂતિની સંગતિ શક્ય છે ? (**શ્રુતસંવિભાગ-૮**)

**@** જ્યારે ભૂતલ પર કશું જ પડ્યું ન હોય ત્યારે भूतले घटाभावः આ અનુભૂતિની સંગતિ માટે ત્યાંના આકાશના ઘટરૂપે નાસ્તિત્વસ્વભાવની વિવક્ષા આવશ્યક નથી. જૈન દૃષ્ટિએ દરેક પદાર્થમાં બે પ્રકારના સ્વભાવ હોય છે – ૧. અસ્તિત્વસ્વભાવ, ૨. નાસ્તિત્વસ્વભાવ. વસ્તુના સ્વગુણો અસ્તિત્વસ્વભાવે વિદ્યમાન હોય છે. જેમ કે ઘટમાં વર્ણાદિ. જ્યારે સ્વગુણ સિવાયના સમસ્ત દ્રવ્ય કે ગુણ-પર્યાયો વસ્તુમાં નાસ્તિત્વસ્વભાવે રહેલા હોય છે. માટે भूतले घटाभावः એ અનુભૂતિના સમયે ભૂતલમાં 'ઘટ'નામક ધર્મ નાસ્તિત્વસ્વભાવથી વિદ્યમાન હોય જ છે. વક્તા એ ધર્મની વિવક્ષાથી જ भूतले घटाभावः એમ બોલે છે. હવે જો એવો પ્રશ્ન થાય કે શા માટે घटाभावः જ, બીજા અનંત અભાવ કેમ નહીં ? તો એ વક્તાની વિવક્ષાધીન વાત હોય છે. અન્યથા વસ્તુના બધા જ અસ્તિપર્યાયોનો ઉલ્લેખ પણ એકસાથે કરવાની આપત્તિ આવે. – **મુનિ શ્રીહેમનિલયવિજયજી** (શ્રીનીતિસૂરિજી-સમુદાય)

# પત્રચર્ચા

(**શ્રુતસંવિભાગ-૭** 'क्या तीर्थंकर भगवंत को भी देशना का परिश्रम होता है ?' એ લેખ સંબંધે)

અશાતાનો ઉદય છેલ્લા ગુણસ્થાનક સુધી હોય છે. પણ પરમાત્માને નિત્ય (અતિ વિશિષ્ટ કારણ સિવાય) અશાતાનો ઉદય માનવો સંગત નથી લાગતો. જેમ કે સામાન્ય કેવળીને દુઃસ્વર નામકર્મનો ઉદય ૧૩ મા ગુણસ્થાનક સુધી હોય છે, પણ એ તીર્થંકરને નથી હોતો.

વળી અનંતબળી તીર્થંકરને દેશનાથી થાક લાગે એ ઘટતું નથી. સમવસરણમાં એમની વાણી એક યોજન સુધી સંભળાય એ તો સુરકૃત અતિશય છે. એમાં તીર્થંકરને ગળાનો દુઃખાવો વિગેરે તકલીફો માનવી એ તો એમના અનંત પુણ્યસંભાર સામે પ્રશ્નાર્થ સર્જનારી ભાસે છે.

દેવછંદામાં વિશ્રામ એ તો સ્થૂળ આરામ સ્વરૂપ વ્યાવહારિક ઘટના માનવી વધુ સુસંગત લાગે છે.

કર્મગ્રંથવિદુષી સાધ્વીજી *શ્રીરમ્યરેણુશ્રીજી* પણ તીર્થંકરને અશાતાનો ઉદય નિત્ય નથી માનતા.

– **મુનિ શ્રીહેમનિલયવિજયજી** (શ્રીનીતિસૂરિજી-સમુદાય)

(**શ્રુતસંવિભાગ-૮** 'ગુરુભગવંતોના સામૈયા સહ પ્રવેશ મહોત્સવ' એ સમાધાન સંબંધે)

આ વાતનું સ્પષ્ટ સમર્થન – શ્રાવકનાં વાર્ષિક ૧૧ કર્તવ્યો પૈકીનાં 'તીર્થપ્રભાવના' નામના કર્તવ્યમાં શાસનની પ્રભાવના થાય તે માટે શ્રાવકે વિધવિધ અનુષ્ઠાનો કરાવવાં જોઈએ એમાં ગુરુભગવંતના પ્રવેશમહોત્સવની વાત પણ મુખ્યતયા જણાવી છે. રામજી ગંધારિયાના દૃષ્ટાંત સાથે આ વાત *ધર્મસંગ્રહ*માં વાંચેલી. પણ વર્તમાન પરિસ્થિતિ જોતાં છાશવારે – છાશવારે જે રીતે સામૈયા સહ પ્રવેશમહોત્સવો સાધુઓ દ્વારા જ ઊભા કરવા – કરાવવામાં આવે છે એ જરાય ઉચિત નથી એવું લાગે છે.

હવે મહદંશે શહેરોમાં અને પાલિતાણા જેવાં ક્ષેત્રોમાં આ અને આવી અન્ય પ્રવૃત્તિઓ શાસનપ્રભાવનાને બદલે શાસનની અવહેલનાનું કારણ બનતી જતી હોવાનું સ્પષ્ટ દેખાય છે. માટે આ વાતની પણ સ્પષ્ટતા થવી જોઈએ.

બાકી સંઘોમાં સાધારણખાતાને પ્રવેશમહોત્સવ વિગેરેના ખર્ચા પણ બહુ ભારે પડે છે. ને પછી પહેલેથી જ સદ્ભાવને બદલે અસદ્ભાવનું વાતાવરણ સર્જાઈ જાય છે.

અમુક ચોક્કસ જ શરણાઈ, પત્રિકા ને સંગીતકાર વગર ન જ ચાલે... આ અને આવા બધા આગ્રહોથી થતા પ્રવેશમહોત્સવોને શાસ્ત્રોનું સમર્થન મળે ?

– **મુનિ શ્રીશીલચંદ્રવિજયજી** (શ્રીડહેલાવાળા-સમુદાય)

(**શ્રુતસંવિભાગ-૭** 'क्या शरीर में बहता खून अचित्त होता है ?' એ લેખ સંબંધે)

*तत्त्वार्थसूत्र* की *सिद्धसेनीय* टीका में गर्भज मनुष्य की योनि का वर्णन है । उसमें मनुष्य की योनि मिश्र कैसे होती है इस बाबत में ३ मत प्रदर्शित हैं – १. शोणित के जितने लव (अंश) योनि द्वारा आत्मसात् किए गए वे सचित्त अथवा मिश्र । शेष लव अचित्त । २. शोणित सचित्त, शुक्र अचित्त । ३. शुक्र-शोणित अचित्त, योनि प्रदेश सचित्त ।

इनमें से पहला मत *सिद्धसेन गणि* को मान्य है, शेष दो उन्होंने अन्य मत के रूप में कहे हैं । अतः फलित होता है कि रक्त कुछ आचार्यों के मत में सचित्त, कुछ के मत में अचित्त है । (देखें *तत्वार्थसूत्र* २.३३ *सिद्धसेनीय* टीका[20] ।)

– **मुनि श्रीगोयमचंद्रविजयजी** (श्रीडहेलावाला-समुदाय)

---

[20] तत्र ये योन्याऽऽत्मसात्कृतास्ते सचित्ताः कदाचिन्मिश्राः इति, ये तु न स्वरूपतामापादितास्तेऽचित्ताः, अपरे वर्णयन्ति – असृक् सचेतनं, शुक्रमचेतनमिति । अन्ये शुक्रशोणितमचित्तं, योनिप्रदेशः सचित्तः ।।

(**શ્રુતસંવિભાગ**-૬ 'विष्णुकुमार मुनि के वैक्रिय शरीर का माप क्या ?' એ લેખ સંબંધે)

प्रश्न में दिए पाठों के साथ विरोध के निवारण के संबंध में कोई स्पष्टता नहीं हुई। किन्तु इतना पता चला कि यह बात असंबद्ध श्रुतज्ञान है। अर्थात् *आवश्यकसूत्र* की वृत्ति में *हरिभद्रसूरिजी* और *मलयगिरिजी* ने वृद्धसंप्रदाय से चले आ रहे ५०० आदेश की बात की है। इन ५०० ही आदेशों के अंग या उपांग में कोई पाठ नहीं है, किन्तु ये बातें मात्र परंपरा से चल रही हैं। (देखें *आवश्यकनिर्युक्ति* - गाथा १०३६ की *मलयगिरीय* टीका।) – **मुनि श्रीगोयमचंद्रविजयजी** (श्रीडहेलावाला-समुदाय)

(**શ્રુતસંવિભાગ** – ૭ 'કળશોની સંખ્યા અંગે પ્રરૂપણાભેદ' એ લેખ સંબંધે)

અભિષેકના કળશોની પ્રરૂપણામાં *વસુદેવહિંડી* ના પાઠને મળતો પાઠ *અર્હન્મહાપૂજન* ના ત્રીજા દિવસની જન્માભિષેકવિધિમાં અને અંજનશલાકાના જન્મવિધાનના મુખ્ય અભિષેકવિધાનના પદ્યમાં પણ મળે છે –

इन्द्रादिष्टास्तत आभियो-गिकाः कलशगणमथाऽनिन्युः।
वेद-रस-ख-वसु(८०६४)सङ्ख्यं, मणि-रजत-सुवर्ण-मृद्रचितम्॥

આમાં કુલ કળશોની સંખ્યા ૮૦૬૪ જ જણાવાઈ છે. એટલે ૧ જાતિના કળશો ૧૦૦૮ જ થશે.

– **મુનિ શ્રીતીર્થતિલકવિજયજી** (શ્રીકલાપૂર્ણસૂરિ-સમુદાય)

(**શ્રુતસંવિભાગ**-૭ 'યુગલિકોમાં કોઈ અભવ્યનો આત્મા હોય કે નહીં ?' એ લેખ સંબંધે)

*શ્રીસંબોધપ્રકરણ* માં (ગાથા – ૨૯૪-૩૦૨) અભવ્ય જીવો ૩૮ ભાવોને સ્પર્શતા નથી તેવો ઉલ્લેખ છે. તેમાં યુગલિક મનુષ્યપણું પણ અભવ્ય જીવોને ન હોય તેવો સ્પષ્ટ નિર્દેશ છે. અભવ્ય જીવોને લગતી આ જ ૮ ગાથાઓ *અભવ્યકુલક* માં પણ જોવા મળે છે. તેમાં એક ઠેકાણે પાઠભેદ છે. *સંબોધપ્રકરણ* ના ૩૦૧ મા શ્લોકમાં जिणभिक्खादायगा એવો પાઠ છે. તેના બદલે *અભવ્યકુલક* માં जिणजक्खा-जक्खिणी એવો પાઠ છે. જો जिणभिक्खादायगा એ પાઠ સ્વીકારીએ તો અભવ્ય જીવો તીર્થંકરને દાન આપી શકતા નથી એવું આના પરથી ફલિત થાય. પણ આ જ ૩૮ ભાવોમાં ૧૭ મા ક્રમાંકે અભવ્ય જીવો સુપાત્રદાન ન કરી શકે તેવું જણાવાઈ ગયું છે. તો એમાં તેઓ તીર્થંકર ભગવંતોને દાન ન કરી શકે તે વાત સમાઈ જ જાય છે. તેથી તે વાતનું અત્રે પુનરાવર્તન અનપેક્ષિત લાગે છે. તેના બદલે જો આપણે *અભવ્યકુલક* નો जिणजक्खा-जक्खिणी એવો પાઠ સ્વીકારીએ તો અભવ્ય જીવો જિનેશ્વર ભગવંતોના શાસનદેવ-દેવી ન બની શકે તેવી વાત જાણવા મળે છે. પરંતુ અહીં પણ પ્રશ્ન એ જ છે કે ૩૮ ભાવોમાં ૭ મા ક્રમાંકે અભવ્ય જીવો શાસનદેવ-દેવી ન બની શકે તે જણાવાઈ જ ગયું છે. તેથી આ પાઠ પણ યુક્તિસંગત જણાતો નથી. તો અત્રે યોગ્ય પાઠ કયો હોઈ શકે તે વિશે ચિંતન કરીને જણાવવા વિનંતિ છે. – **મુનિ શ્રીતીર્થતિલકવિજયજી** (શ્રીકલાપૂર્ણસૂરિજી-સમુદાય)

૧. **શ્રુતસંવિભાગ**-૪ માં પૂછાયેલ 'હરિણૈગમેષી દેવને વૈક્રિયશરીર રચતી વખતે વૈક્રિયસમુદ્ઘાત બે વાર કેમ કરવો પડે છે ?' એ જિજ્ઞાસાનો પરિપત્રના સંકલનકાર દ્વારા **શ્રુતસંવિભાગ**-૫ માં જવાબ અપાયો હતો. ત્યારબાદ મુનિ *શ્રીગોયમચંદ્રવિજયજી* દ્વારા અપાયેલ બીજો છપ્પનદિક્કુમારિકા નો સંદર્ભ **શ્રુતસંવિભાગ**-૭ માં જણાવાયો હતો. હવે, તેવો જ એક પાઠ *તત્ત્વાર્થાધિગમસૂત્ર* ની *સિદ્ધસેનીયા* ટીકામાં, *ભગવતીસૂત્ર* - શતક ૩ - ઉદ્દેશા ૫ માંથી ઉદ્ધૃત થયો છે –

अणगारे णं भावियप्पा वेउव्वियसमुग्घाएणं समोहणित्ता संखिज्जाइं जोयणाइं दंडं निसिरति जाव दोच्चंपि वेउव्वियसमुग्घाएणं समोहणित्ता जाव...'

અર્થાત્ અણગાર જ્યારે ઉત્તરવૈક્રિયશરીર બનાવે ત્યારે પ્રથમ સમુદ્ઘાત વડે સંખ્યાત યોજનનો દંડ કરી ફરી બીજીવાર પણ સમુદ્ઘાત કરે છે.

આ સંબંધે *ભગવતીસૂત્ર* - શતક ૩ - ઉદ્દેશ ૧ની વૃત્તિમાં જણાવાયું છે કે જ્યારે ચમરેન્દ્ર વૈક્રિયશરીર વિકુર્વે છે ત્યારે –

यथासूक्ष्मान् सारान् पर्यादत्ते, दण्डनिसर्गगृहीतान् सामस्त्येनाऽऽदत्त इत्यर्थः, दोच्चंपि त्ति द्वितीयमपि वारं समुद्घातं करोति, चिकीर्षितरूपनिर्माणार्थम् ।।

આવો જ એક પાઠ *રાજપ્રશ્નીયઉપાંગ* માં સૂત્ર ૪૨ માં આવેલ છે.

*જીવસમાસપ્રકરણ* ની *મલધારી હેમચંદ્રસૂરિજી* કૃત ટીકામાં *ભગવતીસૂત્ર* ના આધારે નીચેની વિગત જણાવાઈ છે –

ताहे चेव णं से वेउव्वियं काउकामे वेउव्वियसमुग्घाएणं समोहण्णइ, समोहणित्ता संखेज्जाइं जोयणाइं दंडं निसिरइ, निसिरित्ता अहाबायरे पोग्गले परिसाडित्ता अहासुहुमे पोग्गले परियाइयइ, [परियाइत्ता] दोच्चंपि वेउव्वियसमुग्घाएणं समोहणइ ।।

અર્થાત્ ઉત્તરવૈક્રિયશરીર કરવાની ઈચ્છાવાળા દેવ વૈક્રિયસમુદ્ઘાત વડે સમુદ્ઘાત કરે, સમુદ્ઘાત કરીને સંખ્યાત યોજન પ્રમાણનો આત્મપ્રદેશોનો દંડ બહાર કાઢે, બહાર કાઢીને યથાબાદર પુદ્ગલો દૂર કરીને સૂક્ષ્મપુદ્ગલો ગ્રહણ કરે અને તેમ કરીને બીજીવાર પણ વૈક્રિયસમુદ્ઘાત વડે સમુદ્ઘાત કરે.

હવે, *જીવસમાસપ્રકરણ* ની ટીકાના અનુવાદમાં [અનુવાદક - શાહ ચંદુલાલ નાનચંદ શિનોરવાળા સંપાદક - પં. શ્રીશીલચંદ્રવિજયજી ગણિ (હાલ – આચાર્ય શ્રીવિજયશીલચંદ્રસૂરિજી)] પાના નં – ૨૭૨ પર અપાયેલ ટિપ્પણ મુજબ –

'વૈક્રિયશરીર રચાયા બાદ તે વૈક્રિયશરીરને અન્ય સ્થાને મોકલતાં આત્મપ્રદેશોનો દંડ અસંખ્યાતા યોજન દીર્ઘ હોય છે, પરંતુ તે બીજીવારના સમુદ્ઘાતથી થયેલો જાણવો. કારણ કે વૈક્રિયસમુદ્ઘાત વૈક્રિયશરીર રચતી વખતે બે વાર થાય છે, ત્યાં પ્રથમ સમુદ્ઘાત વખતે જ સંખ્યાત યોજનનો દંડ વૈક્રિયશરીરની અપર્યાપ્ત અવસ્થામાં થાય છે. વળી વૈક્રિયશરીરનો કાળ ઘણો કહ્યો છે. પરંતુ સમુદ્ઘાતનો કાળ અંતર્મુહૂર્ત જ કહ્યો, તે વૈક્રિયરચનાના આત્મપ્રયત્નની અપેક્ષાએ જ કહ્યો; અને સમુદ્ઘાતપણું પણ તે આત્મપ્રયત્ન સમયે જ જાણવું, શરીર રચાયા બાદ નહિ. (પરંતુ તે સંબંધી મૂળ પાઠ ક્યાંય વાંચ્યો નથી.)'

અર્થાત્ દરેક ઉત્તરવૈક્રિયશરીર રચતી વખતે પ્રથમ સમુદ્ઘાત દ્વારા જીવ સંખ્યાત યોજનનો દંડ બનાવી શરીરસંબંધી પુદ્ગલોનું ગ્રહણ કરવારૂપ આહારપર્યાપ્તિ પૂર્ણ કરે છે. જે પ્રથમ સમયે જ થઈ જાય છે. પરંતુ શરીરપર્યાપ્તિ દ્વારા રચાતું શરીર બને તે પૂર્વે સમુદ્ઘાતનો કાળ પૂર્ણ થતાં ફરી બીજા સમુદ્ઘાત વડે તે શરીર બને તેમ સમજાય છે. અને શરીરને અસંખ્યાત યોજન દૂર લઈ જવાનું હોય તો બીજી વખતના સમુદ્ઘાતમાં દંડ પણ અસંખ્યાત યોજનનો બને.

હવે, પ્રશ્ન એ રહે કે જો વૈક્રિયશરીર રચતી વખતે બે સમુદ્ઘાત કરવા પડે છે તો આહારકશરીર રચતી વખતે પણ તે જ રીતે બે સમુદ્ઘાત થતા હશે ?

૨. **श्रुतसंविभाग-८** માં *મુનિ શ્રીગોયમચંદ્રવિજયજી* એ *आवश्यकसूत्र* की वृत्तियों की विभिन्न अर्थपरंपराएँ એ લેખમાં આપેલ માહિતી મુજબ ક્ષપકશ્રેણિમાં ૮ કષાયના ક્ષયની વચ્ચે ૧૬ પ્રકૃતિઓનો ક્ષય કરે તે પ્રચલિત મતથી ભિન્ન વાત કરતાં *શ્રીમલયગિરિજી મહારાજે* 'અપર્યાપ્ત-પ્રકૃતિ' ઉમેરી ૧૭ નો ક્ષય કહ્યો છે. પરંતુ *ચૂર્ણિકાર ભગવંતે* ૧૬ પ્રકૃતિમાં જ આતપ અને ઉદ્યોતના સ્થાને અશુભવિહાયોગતિ અને અપર્યાપ્ત નામકર્મ ગણી છે.

હવે, અપર્યાપ્ત નામકર્મનો ઉદયવિચ્છેદ તો મિથ્યાત્વ ગુણસ્થાને જ થઈ જાય છે પરંતુ અશુભ વિહાયોગતિનો ઉદયવિચ્છેદ પ્રચલિત મત મુજબ સયોગી ગુણસ્થાને થાય છે. તો *ચૂર્ણિકાર* ના મતે તે ઉદયવિચ્છેદમાં પણ મતાંતર

સમજવો જોઈએ ? અર્થાત્ વિચારણીય મુદ્દો એ છે કે *ચૂર્ણિકાર* ના મતે અશુભ વિહાયોગતિનો ઉદયવિચ્છેદ સત્તાવિચ્છેદ સાથે જ થતો હશે કે કોઈ અન્ય ગુણસ્થાને એનો ઉદયવિચ્છેદ સમજવાનો છે ?

અને આ મુજબ તો કેવલીને અશુભ વિહાયોગતિ કર્મનો ઉદય ન હોવાથી તેવી અશુભ ગતિ પણ ન હોય તેમ સમજવું જોઈએ.

આ વિશે *મુનિ શ્રીસંયમચંદ્રવિજયજી* (શ્રીનેમિસૂરિજી-સમુદાય) સાથે વાત કરતાં તેમણે કહ્યું કે ૧૩ મા ગુણસ્થાનકમાં ઉપઘાત, અશાતા, દુઃસ્વર જેવી અશુભ પ્રકૃતિઓ હોઈ શકે તો અશુભ વિહાયોગતિ કેમ ન હોય ? માટે, *ચૂર્ણિકાર* નો મત વિચારણીય છે.

૩. **શ્રુતસંવિભાગ-૮** માં *મુનિ શ્રીરાજદર્શનવિજયજી* એ 'સાધુ અસંયમીને દાન આપી શકે ?' એ વિશે *અષ્ટકજી* ના 'તીર્થંકરદાન-સફળતાસિદ્ધિ-અષ્ટક'નો પાઠ આપ્યો છે. જેમાં એમણે સ્પષ્ટપણે 'જે દાન અનુકંપાથી થાય તે દોષિત નથી' તેમ કહ્યું છે. હવે, *અષ્ટકજી* ના જ 'પ્રચ્છન્નભોજન-અષ્ટક'માં સાધુએ ક્ષુધાથી પીડાતા એવા ગરીબને અનુકંપાથી ભોજનનું દાન ન આપવું પડે તે માટે પ્રચ્છન્નભોજન કહ્યું છે અને તેના કારણ તરીકે 'સાધુ પુણ્યબંધ ન ઇચ્છે અને અનુકંપાદાન તે પુણ્યબંધનું કારણ છે' તેમ જણાવ્યું છે. તે પાઠ આ પ્રમાણે છે –

भुञ्जानं वीक्ष्य दीनादिर्याचते क्षुत्प्रपीडितः । तस्याऽनुकम्पया दाने, पुण्यबन्धः प्रकीर्तितः ।।२।।
भवहेतुत्वतश्चाऽयं, नेष्यते मुक्तिवादिनाम् । पुण्यापुण्यक्षयान्मुक्ति-रिति शास्त्रव्यवस्थितेः ।।३।।

હવે, તેનો ઉત્તર પણ *શ્રીજિનેશ્વરસૂરિજી* એ (અષ્ટક ૨૭ ગાથા ૫) વૃત્તિમાં આપ્યો છે –

नन्विहैव ग्रन्थे "तस्याऽनुकम्पया दाने पुण्यबन्धः प्रकीर्तितः" इत्यादिना यतेरसंयतदानं निवारितम्, "गिहिणो वेयावडियं न कुज्जा" इत्यादिना चाऽऽगमे, तत् कथं न विरुध्यते ? उच्यते, 'अवस्थौचित्ययोगेने'ति विशेषणोपादानाद् न विरोधः । पठन्ति चेहाऽर्थे लौकिका अपि "उत्पद्यते हि साऽवस्था, देशकालामयान् प्रति । यस्यामकार्यं कार्यं स्यात् कर्म कार्यं च वर्जयेत् ।।" इति ।।

આનું તાત્પર્ય એ છે કે 'અવસ્થાને ઉચિત' તેવા વિશેષણનું અત્રે ગ્રહણ કર્યું હોવાથી વિરોધ ઉત્પન્ન થતો નથી અને લૌકિક શાસ્ત્રોમાં પણ કહ્યું છે કે "દેશ, કાળ અને રોગને આશ્રયીને તેવી અવસ્થા ઉત્પન્ન થાય છે કે જેમાં અકાર્ય પણ કરવા જેવું થાય છે અને કરવા જેવા કાર્યનો ત્યાગ થાય છે".

*દ્વાત્રિંશદ્-દ્વાત્રિંશિકા* ની પ્રથમ *દાનદ્વાત્રિંશિકા* માં પણ આવી જ ચર્ચા થઈ છે. તેમાં 'જો પુણ્યબંધ વિષયભોગના પરિણામથી ન થયો હોય તો તે પરંપરા કરતો નથી' તેમ કહ્યું છે.

भोगाप्तिरपि नैतस्मादभोगपरिणामतः । मन्त्रितं श्रद्धया पुंसां जलमप्यमृतायते ।। १ – १८ ।।

પરંતુ તે બત્રીશીમાં કરાયેલ સર્વ વાત પણ અતિવિશિષ્ટ અવસરને આશ્રયીને જ સમજવી જોઈએ એમ લાગે છે. કેમ કે શાસનોન્નતિ જેવા વિશિષ્ટ કારણ વગર પણ જો માત્ર અનુકંપાના પરિણામથી જ સાધુ દાન કરી શકે તેમ સ્વીકારી લેવાય તો સાધુને માટે વહોરાવાયેલ વસ્ત્ર-પાત્ર-ભોજન ફરી સાધુ અનુકંપા માટે વાપરે તેમ બની શકે. અને તો સુપાત્રભક્તિના મૂળભૂત હેતુનો જ નાશ ન થાય ? તેથી પ્રભુએ કરેલું દેવદૂષ્યનું દાન અને સુહસ્તિસૂરિજીનું રંકને દાન તે સર્વ આપવાદિક આચરણા જ માનવી જોઈએ એમ સમજાય છે.

વળી, *દાનદ્વાત્રિંશિકા* માં પણ ગાથા ૧૩ માં 'અવસ્થાભેદનો વિષય' એવો સ્પષ્ટ ઉલ્લેખ હોવાથી પણ સમજાય છે કે પુષ્ટાલંબન વિના અનુકંપાદાન સાધુ માટે ઇષ્ટ નથી. આ ફક્ત એક વિચારણા છે, માટે તેના વિશે વિશેષ પ્રકાશ પાડવા વિનંતિ છે. (ત્રણે પત્રો) – **મુનિ શ્રીસૌમ્યચંદ્રવિજયજી** (શ્રીનેમિસૂરિજી-સમુદાય)

૧. (**श्रुतसंविभाग – ७** 'સાધુ અસંયમીને દાન આપી શકે ?' એ લેખ સંબંધે)

આવા જ પ્રકારની વાત મહોપાધ્યાય *શ્રીયશોવિજયજી* રચિત *પ્રતિમાશતક* ની વૃત્તિમાં પણ આવે છે –

पुष्टालम्बने तु द्विजन्मने भगवद्वस्त्रदानवत्, सुहस्तिनो रङ्कदानवत्, साधुनाऽपि गृहिणामनुकम्पादानं श्रूयते ।

પ્રશ્ન –*દશવૈકાલિક* માં એવું પણ સંભળાય છે કે गिहिणो वेयावडियं न कुज्जा (ગૃહસ્થની સેવા ન કરવી.) તો શું આમાં વિરોધાભાસ નથી થતો ?

જવાબ – આ જે કથન છે તે ઉત્સર્ગમાર્ગને જણાવે છે.

આગળ જઈને તે જ ગ્રંથમાં અનુકંપાનો ગુણ બતાવ્યો છે કે અનુકંપાથી લેનારા મિથ્યાત્વીજીવને પણ ચોથા ગુણસ્થાનકની પ્રાપ્તિ થઈ શકે છે. અને એ જ સમ્યક્ત્વ-ચારિત્રનું કારણ બને છે.

भवति हि तेन मिथ्यादृष्टेरप्यप्रमत्तसंयतगुणस्थानादिनिबन्धनाऽविरतसम्यग्दृष्ट्यादिगुणस्थान-प्राप्तिलक्षणो गुण: प्राप्तदृढगुणस्थैर्यार्थमिति च तदनुज्ञायते । (ગાથા – ૨૧ વૃત્તિ)

એક પ્રશ્ન એ પણ વિચારણીય છે કે અહીં અસંયતને દાન આપવામાં આર્યસુહસ્તિસૂરિજીનું જે દૃષ્ટાંત આપ્યું છે તે કઈ અપેક્ષાએ સમજવાનું છે ? કેમ કે ભિખારીને દીક્ષા આપ્યા બાદ ગોચરી વપરાવી છે. દીક્ષા પ્રાપ્ત થયા પછી વ્યક્તિ સંયત કહેવાય કે અસંયત ?

૨. (**श्रुतसंविभाग – ७** 'લઘુશાંતિસ્તવની રચના શા માટે ?' એ લેખ સંબંધે)

આમાં *લઘુશાંતિસ્તવ* ની રચના વિશે જે વાત છે તે *પ્રબોધિકા* અને *સૂત્રસંવેદના* બંનેમાં આવે છે. માત્ર વિશેષ એટલો જ છે કે *શાકંભરી* નગરીની જેમ *પ્રબોધટીકા* માં પરિશિષ્ટ-૨ માં આ જ કથાનકમાં *તક્ષશિલા* નગરીનો ઉલ્લેખ બતાવેલ છે.

*પ્રબોધટીકા* – "હર્ષપૂર્વક તે તક્ષશિલામાં આવ્યો અને સંઘને તે શાન્તિસ્તવ સોંપ્યું." (પૃષ્ઠ - ૪૨૪)

*સૂત્રસંવેદના* – "આ સૂત્રની રચના પાછળ એક મોટો ઈતિહાસ છે. વીરનિર્વાણની લગભગ સાતમી સદીના અંતમાં તક્ષશિલા_નામની મહાનગરીમાં શાકિની નામની વ્યંતરીએ ઉપદ્રવ કર્યો."

*સૂત્રસંવેદના* માં ફૂટનોટમાં 'ક્યાંક શાકંભરી નગરીનો પણ ઉલ્લેખ છે' એવું જણાવવામાં આવ્યું છે.

૩. (**श्रुतसंविभाग-१** 'કામળીકાળની શાસ્ત્રવિહિતતા અંગે વિચારણા' એ લેખ સંબંધે)

સૌ પ્રથમ તો પ્રચલિતમાં સાંભળેલું છે કે તમસ્કાયના જીવોની રક્ષાર્થે કામળીનું વિધાન છે. પરંતુ જંબૂદ્વીપથી માંડીને તિર્છાલોકમાં અસંખ્યાત દ્વીપ-સમુદ્રોનું ઉલ્લંઘન કર્યા બાદ 'અરુણવર' નામનો દ્વીપ આવે છે. તે દ્વીપની બાહ્ય જગતીના અંતથી ચારે બાજુ ૪૨,૦૦૦ યોજન દૂર અરુણવર સમુદ્રમાં જઈએ ત્યાં 'તમસ્કાય' નામનો એક જળીય પદાર્થ ઊછળે છે. તે ૧૭૨૧ યોજન સુધી ઊર્ધ્વ ભાગે ભીંતના આકારે ચાલ્યો જાય છે. ત્યારબાદ ત્યાંથી વધુ વિસ્તારને પામતો પામતો વલયાકાર સરખી આકૃતિવાળો પાંચમા બ્રહ્મ દેવલોકના પ્રથમના ૨ પ્રતરને ઢાંકીને 'રિષ્ટ' નામના ત્રીજા પ્રતર સુધી જાય છે. આવા પ્રકારનું વિધાન *પ્રવચનસારોદ્ધાર* ના લગભગ ૨૫૫ મા દ્વારમાં તથા *સ્થાનાંગજી* ના સૂત્ર ૨૯૧ માં પણ આવે છે. *સ્થાનાંગ* વગેરેમાં તો ત્રીજા પ્રતર સુધી જાય છે એટલું જ વિધાન છે[21].

[21] तमस्कायो यो ह्यसङ्ख्याततमस्याऽरुणवराभिधानद्वीपस्य बाह्यवेदिकान्तादरुणोदाख्यं समुद्रं द्विचत्वारिंश-द्योजनसहस्राण्यवगाह्योपरितनाज्जलान्तादेकप्रदेशिकया श्रेण्या समुत्थितः सप्तदशैकविंशत्यधिकानि योजनशता-

પણ એવું સાંભળેલું છે કે ત્યાંથી નીચે પડે છે. અને એની રક્ષા માટે કામળી ઓઢવાની છે. પરંતુ અહીં પ્રશ્ન એ થાય છે કે આપણી ઉપર જ ૧ લાખ યોજનવાળું 'પાલક' નામનું વિમાન આવેલું છે. અને એ જ રીતે ૪૫ લાખ યોજન પ્રમાણ 'ઉડુ' વિમાન સૌધર્મ દેવલોકમાં આવેલું છે. આ વાત *સ્થાનાંગ* ના સૂત્ર ૩૩૦ પરથી ફલિત થાય છે.

હવે જો તમસ્કાયના જીવો આ વિમાનોને ભેદીને નીચે આવી શકે તો તેની રક્ષા માટે કામળી ઓઢવી પડે અને જો વિમાનને ભેદીને પણ આવી શકે તો પછી ઉપાશ્રયમાં પણ કામળી પહેરીને બેસવું જોઈએ. આ રીતે વિચારતાં તમસ્કાયની અપેક્ષાએ કઈ રીતે કામળીની વાત સંભળાય છે તે સમજાતું નથી.

અમને એક વખત વિહારમાં સ્થાનકવાસી *દેવેન્દ્ર મુનિ* તથા *ધર્મેન્દ્ર મુનિ* મળ્યા હતા. કેટલીક વાતો અન્તર્ગત મેં તેમને પૂછ્યું હતું કે 'આપનામાં કામળીના વિષયમાં શું માન્યતા છે ?'. ત્યારે તેમણે જણાવ્યું હતું કે 'અમે કામળીકાળને તમસ્કાયની અપેક્ષાએ નથી માનતા, પણ *ભગવતીજી* ના સૂક્ષ્મ સ્નેહકાયના પાઠના (જે મૂળ ચર્ચામાં મૂકાયો છે) આધારે સ્વીકારીએ છીએ. તેમાં પણ આપની જેમ નથી સ્વીકારતા. માત્ર સૂર્યાસ્તથી સૂર્યોદય સુધી જ સ્વીકારીએ છીએ. સૂર્યાસ્ત પહેલાં અને સૂર્યોદય પછી સૂર્યની હાજરી હોય છે. એટલે ત્યારે નથી સ્વીકારતા. તેમાં પણ અમે ગરમ કામળીનો ઉપયોગ નથી કરતા. સુતરાઉ કે કોટન કોઈ પણ કપડું હોય તેને મસ્તકે ઓઢીને બહાર જઈએ છીએ. ટૂંકમાં તેમના કહેવા પ્રમાણે પણ તમસ્કાયની અપેક્ષાએ કામળીનું વિધાન ઘટતું નથી. (તમસ્કાય અને સૂક્ષ્મ સ્નેહકાય બન્ને જીવો ભિન્ન છે. તે *અભિધાનરાજેન્દ્રકોષ* માં દેખવા દ્વારા જણાઈ આવે છે.)

એક વિચાર એવો આવે છે કે તમસ્કાયના જીવો અરુણવર સમુદ્રમાંથી ઊછળીને ૧૭૨૧ યોજન સીધા જાય છે. પછી વધુ વિસ્તારને પામતા વલાયાકારે ઉપર જાય છે. શું આમાં એવું વિચારી શકાય કે આ જીવો જ્યારે વધુ વિસ્તારને પામતા ઉપર જાય છે ત્યારે કેટલાક જીવો પ્રથમ દેવલોકમાં આવેલા વિમાનની નીચેથી જ જંબુદ્વીપમાં પાછા પડતા હોય અને એટલે કામળીકાળમાં કામળી ઓઢવાની વાત તમસ્કાયની અપેક્ષાએ ઘટતી હોય ? ટૂંકમાં, પ્રથમ દેવલોક સુધી પણ તેમાંથી કેટલાક જીવો પહોંચતા નહીં હોય અને નીચે પડતા હશે ?

આ કલ્પના પ્રમાણે થતું હોય તો કામળીકાળનું વિધાન તમસ્કાયની અપેક્ષાએ ઘટી શકે. અન્યથા તમસ્કાયની અપેક્ષાએ કઈ રીતે ઘટાડવું તે વિચારણીય બને છે.

સૂક્ષ્મ સ્નેહકાયને સંબંધિત પાઠ વિશે વિચારણા કરીએ તો સૌ પ્રથમ સૂક્ષ્મ સ્નેહકાયના જીવો ઊર્ધ્વ, અધો અને તિર્છી - એમ ત્રણે બાજુએ પડે છે. તો તે ક્યાંથી પડે છે ? શું તે વરસાદની જેમ ઉપરથી વરસે છે ? કે પછી વાતાવરણમાં ધુમ્મસ, ભેજ વિગેરેની જેમ ઉત્પન્ન થાય છે ? કે પછી તમસ્કાયની જેમ કોઈ સમુદ્રમાંથી ઊછળીને પડે છે ?

જો એ જીવો તમસ્કાયની જેમ ઊછળીને પડતાં હશે તો પ્રથમ દેવલોકની નીચેથી જ પડતાં હશે. અન્યથા તમસ્કાયમાં આવેલ પ્રશ્નો સૂક્ષ્મ સ્નેહકાયમાં પણ આવીને ઊભા રહેશે.

જો ધુમ્મસની જેમ વાતાવરણમાં ઉત્પન થતા હોય તો ધુમ્મસમાં જેમ ઉપાશ્રયમાં પણ કામળી ઓઢીને બેસવું પડે છે. તેમ આમાં પણ શું ઉપાશ્રયમાં કામળી ઓઢીને બેસવાનું અને કોઈ પણ પ્રવૃત્તિ કરવાની નહીં એવું વિધાન કરી શકાય ? કે પછી એને અશક્ય પરિહાર સમજીને ચલાવી લેવાનું છે ?

હવે જો વરસાદની જેમ પડે છે તેમ માનીએ તો વરસાદ જેમ વાયુના સંપર્કના કારણે ઉપાશ્રયની અંદર આવે છે અને તે પ્રત્યક્ષ દેખાય છે. જ્યારે સૂક્ષ્મ સ્નેહકાય તો બાદર હોવા છતાં દેખાતો જ નથી. આવું હોવાથી સૂક્ષ્મ સ્નેહકાય તો વરસાદની અપેક્ષાએ ઘણા વધારે પ્રમાણમાં ઉપાશ્રયની અંદર વાયુની સહાયથી આવતો હોય અને આપણને દેખાતો ન હોય એમ બને. તો શું ઉપાશ્રયમાં પણ કામળી ઓઢી રાખવાની ? (સ્થાનકવાસી *દેવેન્દ્ર મુનિ* અને *ધર્મેન્દ્ર મુનિ* નું એવું કહેવું હતું કે વરસાદની જેમ પડે છે. પરંતુ ક્યાંથી પડે છે વગેરે કોઈ વિચારણા ત્યારે થઈ ન હતી.)

---

न्यूर्ध्वमुत्पत्य ततस्तिर्यक् प्रविस्तृणन् सौधर्मादींश्चतुरो देवलोकानावृत्योर्ध्वमपि च ब्रह्मलोकस्य रिष्टं विमानप्रस्तटं सम्प्राप्तः... ।।

पढमचरिमासु... ઇત્યાદિ ગાથામાં જે કાળ બતાવ્યો છે. તે વિષે વિચારતાં તેમાં શિશિરઋતુમાં ૧ પ્રહર કાળ બતાવ્યો છે. હવે એક પ્રહરમાં લગભગ ૭ ઘડીથી ૮ ઘડી સુધીનો કાળ થાય છે. જો પ્રહર ૩$\frac{૧}{૪}$ કલાક આજુબાજુનો હોય તો ૮ ઘડી અને ૩ કલાક અંદરનો હોય તો ૭ ઘડી જેવું થાય. હવે વર્ષમાં ક્યારે પણ આટલો મોટો કાળ કામળી માટે આવતો નથી. વધારેમાં વધારે ૬ ઘડી જ આવે છે. શિશિરઋતુમાં તો ૪ ઘડીનો જ કામળી કાળ હોય છે. જ્યારે અહીં ૧ પ્રહર બતાવેલ છે. એ જ રીતે ગ્રીષ્મઋતુમાં $\frac{૧}{૨}$ પ્રહર બતાવેલ છે. પણ ત્યારે ૨ ઘડી જેટલો જ કાળ હોય છે. આમ કામળીકાળના કાળ સાથે *બૃહત્કલ્પલઘુભાષ્ય* માં બતાવેલ કાળ મળતો જ નથી. (વર્ષાઋતુનો કાળ અહીં ઉપલક્ષણથી સમજવાનો છે ?)

શું અહીં એવું વિચારી શકાય કે સૂક્ષ્મ સ્નેહકાય ભલે ગ્રીષ્મઋતુમાં $\frac{૧}{૨}$ પ્રહર પડતો હોય. પણ શરૂઆતમાં જ્યાં સુધી કામળીકાળ (૪૮ મિનિટ) છે ત્યાં સુધી એ સચિત્ત હોય. અને ત્યાર પછી તડકો વધી જવાના કારણે એ સૂક્ષ્મ સ્નેહકાયના જીવ ચ્યવી જવાના કારણે એ અચિત્ત થઈ જાય. મતલબ કે શરૂઆતની ૨ ઘડી સુધી સચિત્ત સૂક્ષ્મ સ્નેહકાય હોય અને પાછળથી પડનારો સૂક્ષ્મ સ્નેહકાય તડકાના કારણે અચિત્ત થઈ જાય. અને અચિત્ત હોવાના કારણે પછી કામળીની જરૂરત ન પડે. જ્યારે પાત્રાના લેપમાં વિચારીએ તો અપ્કાય સચિત્ત હોય કે અચિત્ત હોય, તે લેપને નુકશાન કરનાર થાય છે. આથી પાત્રાના વિષયમાં જે કાળ બતાવ્યો છે તે કામળીના વિષયમાં બતાવેલ કાળ સાથે ન મળે તે સ્વભાવિક જ છે. આ જ રીતે શિશિરઋતુમાં પણ શરૂઆતની ૪ ઘડી સચિત્ત સૂક્ષ્મ સ્નેહકાય સમજીએ અને પાછળથી અચિત્ત સૂક્ષ્મ સ્નેહકાય સમજીએ તો ચાલી શકે ?

ટૂંકમાં, છેલ્લે કહેવાનો ભાવાર્થ એટલો જ છે કે पढमचरिमासु... ઇત્યાદિ ગાથામાં કહેલો કાળ કામળીના કાળ સાથે મળતો ન હોવાથી, સચિત્ત / અચિત્ત સૂક્ષ્મ સ્નેહકાયની કલ્પના કરીએ તો જ *ભગવતીજી* ના આ પાઠથી કામળી ઓઢવાની પ્રવૃતિનું સમર્થન થઈ શકે એવું લાગે છે.

બીજી એક-બે વાત પણ વિચારણીય લાગે છે. पढमचरिमासु... ઇત્યાદિ ગાથા *ઓઘનિર્યુક્તિ* માં પણ (ક્ર.૩૯૯) આવે છે. તેની ટીકામાં लेपविनाशभयात् એવો હેતુ, પાત્રાને આટલો કાળ વર્જ્યા પછી તડકામાં સ્થાપવામાં બતાવેલ છે. આના પરથી ફલિત થાય છે કે सिणेहरक्खणट्ठा નો અર્થ 'સ્નેહકાયથી રક્ષા માટે' એવો કરવાનો છે, ' સ્નેહકાયની રક્ષા માટે' એવો નહીં. એટલે કે તૃતીયા વિભક્તિથી સમાસ ખોલવાનો છે, ષષ્ઠી વિભક્તિથી નહીં. (મૂળ ચર્ચામાં પણ 'સ્નેહકાયથી રક્ષા માટે' આવો જ અર્થ કરેલ છે.) 'સ્નેહકાયની રક્ષા માટે' આવો અર્થ જો આ પાઠનો ફલિત ન થતો હોય તો પછી આ પાઠ કઈ રીતે કામળીની સિદ્ધિ કરી શકે ? ટૂંકમાં, અત્રે મુખ્યતા પાત્રાના લેપના રક્ષણની છે, જીવોની રક્ષાની નહિ.

*ખરતરગચ્છ* ના *શ્રીજિનચન્દ્રસૂરિ* ના શિષ્ય *સકલચન્દ્ર ગણિ* ના શિષ્ય ઉપાધ્યાય *સમયસુંદર ગણિ* દ્વારા રચાયેલ *ગાથાસહસ્રી* નામના ગ્રંથમાં પણ આવો જ પાઠ જોવા મળ્યો હતો –

पढमचरिमाउ सिसिरे, गिम्हे अद्धं तु तासि वज्जिता ।
पायं ठवे सिणेहाइ-रकखणट्ठा पवेसे वा ।।३२४।।
[श्रावकविधौ पण्डितराजपरमार्हतधनपालेनोक्तम्]

આ ગાથામાં पढम શબ્દ પર નીચે મુજબ ફૂટનોટ આપેલ છે –

प्रथमचरमपौरुषीं वर्जयित्वा उभयोरर्द्धं वर्जयित्वा उष्णे पात्रं स्थापयेत्, अवश्याय-महिका-हिमवर्षा-रक्षार्थे मध्ये पात्रं प्रवेशयेत् ।। (*ઓઘનિર્યુક્તિ* – ૧૪૫)

[અત્યારે *ઓઘનિર્યુક્તિ* માં આ પાઠ દેખાતો નથી.]

આ ફૂટનોટમાં ક્યાંય પણ 'સૂક્ષ્મ સ્નેહકાયથી રક્ષા કરવા માટે પાત્રને સ્થાપન કરે કે પ્રવેશ કરાવે' એવું નથી બતાવેલ. પણ અવશ્યાય, મહિકા અને હિમવર્ષાથી રક્ષા કરવા માટે જ પાત્રને સ્થાપન અને પ્રવેશ કરાવવાની વાત છે.

*બૃહત્કલ્પલઘુભાષ્ય* સિવાયના પ્રાયઃ દરેક પાઠમાં **सिणेहरक्खणट्ठा** ની જગ્યાએ **सिणेहाइरक्खणट्ठा** પાઠ જોવા મળેલ છે. કહેવાનો ભાવાર્થ એટલો જ છે કે એકમાં **आदि** શબ્દ નથી આપેલ, જ્યારે બીજા બધામાં **आदि** શબ્દ આપેલો છે. અહીં **आदि** શબ્દથી અવશ્યાય, મહિકા, હિમવર્ષા વિગેરે ગ્રહણ કરવાનાં છે કે પછી *ઓઘનિર્યુક્તિ* ની ૪૦૦ મી ગાથામાં **वासाइरक्खणट्ठा** શબ્દ આપેલ છે, તેમાં **आदि** શબ્દથી કૂતરાં આદિથી રક્ષણ કરવા માટે કહેલ છે, તે ગ્રહણ કરવાનું છે તે વિચારણીય છે. (ત્રણે પત્રો) – **મુનિ શ્રીસૌમ્યપ્રભવિજયજી** (શ્રીકેસરસૂરિજી-સમુદાય)

* * *

# વિજ્ઞપ્તિ

થોડાક સમય પૂર્વે ગુજરાતમાં ગ્રંથાલયવિજ્ઞાનના ક્ષેત્રે પ્રથમ હરોળનું સ્થાન ધરાવનાર ડૉ. મણિભાઈ પ્રજાપતિ સાથે મુલાકાત થઈ હતી. ચર્ચા દરમ્યાન એમણે જે વાત કરી તે ખૂબ વિચારણીય લાગી. એમણે જણાવ્યું કે વિવિધ અજૈન પુસ્તકાલયો પાસે ગ્રંથો ખરીદવા માટે નાનું-મોટું ફંડ હોય જ છે. અને તે સંસ્થાઓ જૈન ધાર્મિક પુસ્તકો ખરીદવા પણ ઈચ્છતી હોય છે. અમુક સંસ્થાઓ તો આ માટે ખરેખર પ્રયત્ન પણ કરે જ છે. પરંતુ શ્વેતાંબર મૂર્તિપૂજક સમાજની જનસંખ્યા ૪૦ લાખ કરતાંય વધુ હોવા છતાં તમારી પાસે તમામ મુદ્રિત ગ્રંથોનાં નામ, પ્રકાશક, મૂલ્ય, પ્રાપ્તિસ્થાન, સામાન્ય પરિચય જેવી પ્રાથમિક વિગતો ધરાવતું સૂચિપત્ર પણ નથી. એવી કોઈ મધ્યસ્થ વ્યવસ્થા પણ નથી કે જ્યાંથી કોઈ ચોક્કસ સમયગાળામાં પ્રકાશિત તમામ પુસ્તકોની સામાન્ય માહિતી પણ મળી શકે. આ સંજોગોમાં કોઈપણ સંસ્થા ગ્રંથોની ખરીદી કરવા ઈચ્છે તો પણ શક્ય નથી બનતું. એક સંસ્થા કેટલા મુનિરાજોનો, કેટલા પ્રકાશકોનો, કેટલી સંસ્થાઓનો સંપર્ક કરી શકે ? અને ખરેખર તો જૈન સંસ્થાઓ કે શ્રમણો માટે પણ સમસ્યા તો સરખી જ છે.

આ સમસ્યાના નિવારણ અર્થે એક પ્રાથમિક વિકલ્પ વિચાર્યો છે. શેઠ હઠીભાઈની વાડી – અમદાવાદ સ્થિત શ્રીવિજયનેમિસૂરિ-જ્ઞાનશાળા તરફથી દર વર્ષે એક સૂચિપત્ર તૈયાર કરવાનું નિર્ધાર્યું છે. જેમાં વીતેલા વર્ષનાં જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક શ્રીસંઘનાં તમામ પ્રકાશનોની સામાન્ય માહિતી રજૂ થશે. આ માટે શ્રાવકોનો તેમ જ કોમ્પ્યુટર નિષ્ણાતોનો સહકાર લઈને એક વ્યવસ્થા ઊભી કરવાનું અને સં. ૨૦૭૩ ના વીતેલા વર્ષ દરમ્યાન પ્રકાશિત તમામ ગ્રંથોનું સૂચીકરણ કરવાનું કાર્ય પ્રારંભ્યું છે. આનાથી પ્રકાશનજગત સાથે સંકળાયેલી તમામ વ્યક્તિઓને સુવિધા થશે.

પણ પ્રશ્ન તો ઉપર રજૂ કર્યો એ જ છે કે એક સંસ્થા કેટલા મુનિરાજોનો, કેટલા પ્રકાશકોનો, કેટલી સંસ્થાઓનો સંપર્ક કરી શકે ? સૌએ સહકારનો હાથ લંબાવવો રહ્યો. આ કોઈ વ્યક્તિ કે સમુદાયને જ લગતું કાર્ય નથી, સકલ શ્રી શ્વે. મૂ. જૈન સંઘનું છે. સંસ્થા પાસે જેટલાં પુસ્તકો છે તેમનો તેમ જ આ વ્યવસ્થામાં સહકાર આપનાર અન્ય સંસ્થાઓ પાસે જે પ્રકાશનો ઉપલબ્ધ છે તેમનો આ સૂચિપત્રમાં સમાવેશ કરવાનું કાર્ય ટૂંક સમયમાં શરૂ થશે. પરંતુ ઘણાં પ્રકાશનોની અમને જાણ જ ન હોય અને તે પ્રકાશનો આ સૂચિપત્રમાંથી બાકાત રહી જાય તેમ પણ બને. તેથી મિત્ર મુનિવરોને નમ્ર વિનંતિ છે કે આ પ્રકલ્પમાં અવશ્ય સહકાર આપે અને પોતપોતાના સમુદાયના મુનિરાજો દ્વારા સં. ૨૦૭૩ માં પ્રકાશિત તમામ પ્રકાશનોનું ફક્ત લિસ્ટ નીચેના સરનામે મોકલી આપે.

લિસ્ટ જો વધારે પુસ્તકોનું હોય તો તેમાં સં. ૨૦૭૩ નાં પ્રકાશનોની અલગથી નિશાની અવશ્ય કરશો. અને શક્ય હોય તો તે તે પુસ્તકોનું પ્રાપ્તિસ્થાન પણ જણાવશો.

શક્ય હોય તો લિસ્ટમાં ગ્રંથના નામ સાથે આટલી વિગતો નોંધવી – કર્તા, વૃત્તિકાર, અનુવાદક, વિવેચક, સંપાદક, સંશોધક, પ્રેરક (આમાંથી જે પણ નામ મળે તે), પ્રકાશક સંસ્થા, પ્રાપ્તિસ્થાન, પૃષ્ઠસંખ્યા, મૂલ્ય, વિષય, સામાન્ય પરિચય (બે કે ત્રણ પંક્તિમાં).

સંપર્ક – શ્રીવિજયનેમિસૂરિ-જ્ઞાનશાળા, શાસનસમ્રાટ ભવન, શેઠ હઠીભાઈની વાડી,
દિલ્હી દરવાજા બહાર, શાહીબાગ રોડ, અમદાવાદ ૩૮૦ ૦૦૪
મો. 97265 90949 (W.A.)
Email – nemisuri.gyanshala@gmail.com

# વિશેષ પ્રતિસ્પંદ

સ્વાધ્યાય અને શ્રુત અંગેના આપના પ્રયત્નો અંતર્મુખતા વધારનારા છે. અનુમોદના. – **પૂ. આચાર્ય શ્રીસાગરચંદ્રસાગરસૂરિજી** (શ્રીસાગરજી મહારાજનો સમુદાય)

આ નાનકડો પ્રયાસ સ્વાધ્યાયનો મોટો પ્રકાર છે. ... આ દ્વારા ઘણા ઘણા ગ્રંથોનું નવનીત સહજ પ્રાપ્ત થાય છે. ... એક જ પદાર્થનો ભિન્ન-ભિન્ન પ્રકારે ઉઘાડ કરવાની દૃષ્ટિ કેળવાય છે. એક એક ગ્રુપમાં અનેક મહાત્માઓનું જ્ઞાન-વિજ્ઞાન વૃદ્ધિમંત બને છે. – **મુનિ શ્રીઆગમચંદ્રસાગરજી** (શ્રીસાગરજી મહારાજનો સમુદાય)

આ ઉમદા કાર્ય દ્વારા ચોક્કસ સ્વાધ્યાયવૃદ્ધિ થશે અને શોધકદૃષ્ટિ પણ ખૂલશે - વિકસશે. – **મુનિ શ્રીતીર્થતિલકવિજયજી** (શ્રીકલાપૂર્ણસૂરિજી-સમુદાય)

દ્રવ્યાનુયોગ આદિ ૪ અનુયોગના વિભાગીકરણથી તે તે વિષયોમાં રસ ધરાવતા મુનિપ્રવરોને જ્ઞાનાર્જનમાં વધુ સરળતા રહી છે. – **મુનિ શ્રીતારકચંદ્રસાગરજી** (શ્રીસાગરજી મહારાજનો સમુદાય)

પરિપત્ર મળ્યું. ગમ્યું. સ્તર વધુ ને વધુ ઉંચકાઈ રહ્યાનું લાગે છે. – **મુનિ શ્રીનયજ્ઞવિજયજી** (શ્રીડહેલાવાળા-સમુદાય)

**શ્રુતસંવિભાગ** ની ઇંતેજારી રહે છે. આચાર્ય ભગવંતના લેખ નજરાણું હોય છે. ક્યારેક તો એવું લાગે છે કે એક પણ પદાર્થ ન પીરસાયો હોય તોય માત્ર પ્રથમ પૃષ્ઠથી જ **શ્રુતસંવિભાગ** રળિયામણું ભાસે છે. – **મુનિ શ્રીહેમનિલયવિજયજી** (શ્રીનીતિસૂરિજી-સમુદાય)

**શ્રુતસંવિભાગ** નિયમિત મળે છે. રસપ્રદ ચર્ચા અને શાસ્ત્રપાઠો સહિતની તાત્ત્વિક જિજ્ઞાસા, સમાધાનો તેમ જ વિવરણો વાંચીને ખૂબ આનંદની અનુભૂતિ થાય છે. વિદ્વાન મુનિવરોના પુરુષાર્થની ખૂબ અનુમોદના થાય છે. વાંચનસામગ્રી ખૂબ આનંદવર્ધક અને જ્ઞાનવર્ધક બની રહે છે. મુનિવરોના શ્રુતપુરુષાર્થને નિહાળી અહોભાવ અને હર્ષની ઊર્મિઓ ઊછળે છે.– **મુનિ શ્રીઅક્ષયરત્નવિજયજી** (શ્રીધર્મસૂરિજી-સમુદાય)

**શ્રુતસંવિભાગ** ના માધ્યમ દ્વારા નવા શ્રુતપ્રેમી મુનિવરોની આત્મીયતામાં વૃદ્ધિ થઈ છે. દરેક અંકમાં શાસ્ત્રના વિશિષ્ટ પદાર્થો જાણીને – વાંચીને આનંદ થાય છે. અને પદાર્થોની સ્પષ્ટતા થાય છે. – **મુનિ શ્રીમલયગિરિવિજયજી** (શ્રીનેમિસૂરિજી-સમુદાય)

**શ્રુતસંવિભાગ–૮** ह्य एवाऽधिगतः । यथाक्रमं यथावसरं च प्रायः सर्वे साधवः पठन्ति । द्रव्यानुयोग-विभागोऽतीव सूक्ष्मेक्षिकया नूतनसंशोधनप्रकाशकोऽस्ति । बृहत्कल्पसम्बन्धिनी प्रथमचर्चा पठिता । श्रीदेवेन्द्रसूरिभिः कल्पव्याख्या मलयगिरिविहितेयं न दृष्टा स्याद्, देवेन्द्रसूरिकृतव्याख्यानमेव प्रमाणं मन्यमानैरुपाध्याययशोविजयैरपि तदनुसरणं कृतं स्यादिति किं न सम्भवति ? । यतष्टीकाद्वयेऽपि शब्दाः प्रायः समाना एव, केचिदेव शब्दा भिन्नाः । परं लेखकेन पूर्वपुरुषाणां विषये पूर्णबहुमानं हृदि धृत्वाऽत्र स्वाभिप्रायो व्यञ्जितः । आधुनिका विद्वांसो यथा पूर्वपुरुषविषये यद्वा तद्वाऽभिप्रायान् प्रकटयन्ति, न तथाऽनेन कृतम् ।

एवं हीरालालेनाऽपि बृहत्कल्पलघुभाष्य – गाथा ८९ न दृष्टा स्यादिति सम्भवति । वस्तुतस्तु तत्त्वार्थगत-प्ररूपणाया अपि मूलमियमेव गाथा स्यादिति वयं प्रतीमः । – **पू. आचार्य श्रीमुक्तिचन्द्र-मुनिचन्द्रसूरयः** (श्रीकलापूर्ण-सूरिजी-समुदायसत्काः)

**શ્રુતસંવિભાગ** દિન પ્રતિદિન અમારી ચાહનાને પામે છે. અંક હાથમાં આવતાં જ બીજું અધ્યયન બે-એક કલાક માટે બાજુમાં મૂકાઈ જાય છે. અને અંકનું વાંચન રસપ્રદ રીતે થાય છે. કદાચ આ અનુભવ મારો જ નહિ, પણ અન્ય મહાત્માઓનો પણ હશે જ. – **મુનિ શ્રીપરમયશવિજયજી** (શ્રીૐકારસૂરિજી-સમુદાય)

## શ્રુત-વધામણાં

**बृहत्कल्पसूत्रम् (भाग – १ पीठिकाखण्डः)** (નિર્યુક્તિ, લઘુભાષ્ય, ચૂર્ણિ તેમ જ બૃહદ્ભાષ્ય સહિત) – **સૂત્ર અને નિર્યુક્તિ** – શ્રીભદ્રબાહુસ્વામી, **લઘુભાષ્ય** – શ્રીસંઘદાસ ગણિ ક્ષમાશ્રમણ, **ચૂર્ણિ** – શ્રીજિનદાસ ગણિ મહત્તર, **બૃહદ્ભાષ્ય** – અજ્ઞાત મહર્ષિ, **સંપાદક** – આચાર્ય શ્રીવિજયશીલચંદ્રસૂરિજી, મુનિ ત્રૈલોક્યમંડનવિજય, **પ્રકાશક** – હેમચંદ્રાચાર્ય શિક્ષણનિધિ – અમદાવાદ, પ્રકાશનવર્ષ – સં.૨૦૭૪, પૃષ્ઠ – ૭૦+૬૦૦=૬૭૦, મૂલ્ય – રૂ. ૧૦૦૦.

અદ્યાવધિ અપ્રગટ ગ્રંથનું પ્રાચીન તાડપત્રીય પ્રતોના આધારે સંશોધન-સંપાદન. વિસ્તૃત ઐતિહાસિક ભૂમિકા તેમ જ અનેક બહુમૂલ્ય પરિશિષ્ટોથી અલંકૃત. બૃહત્કલ્પનું અધ્યયન અત્યાર સુધી શ્રીમલયગિરિજી રચિત અને આગમપ્રભાકર મુનિરાજ શ્રીપુણ્યવિજયજી સંપાદિત વૃત્તિના આધારે થતું આવ્યું છે. આ પ્રકાશનથી બૃહત્કલ્પના અધ્યયન માટે એક વધુ સાધન ઉપલબ્ધ થયું છે.

**મારગ સાચો આગમ બતાવે** – **સંપાદક** – મુનિ શ્રીપદ્મ-આનંદચંદ્રસાગરજી (શ્રીસાગરજી મહારાજનો સમુદાય), **પ્રકાશક** – આગમમંદિર – પાલિતાણા.

૪૫ આગમોને સંબંધિત કેટલીક વિગતો તેમ જ દરેક આગમના ૧-૧ ચિત્ર સાથેનું પ્રકાશન.

* * *

**શ્રુતસંવિભાગ** - ૧૦ વૈશાખ શુદિ પંચમી, સં. ૨૦૭૪ ના દિવસે પ્રગટ થશે.
ચૈત્ર શુદિ એકમ, સં. ૨૦૭૪ સુધીમાં મળનારા લેખો/લખાણોનો સમાવેશ આગામી અંકમાં કરવો શક્ય બનશે.
મિત્ર મુનિવરોને પોતાના બહુમૂલ્ય સ્વાધ્યાયનો લાભ **શ્રુતસંવિભાગ** ના માધ્યમથી વહેંચવા હાર્દિક આમંત્રણ છે.

## થોડુંક સૂચવવાની રજા લઉં ?

→ મિત્ર મુનિવરો પોતાના લખાણને અત્રે છપાયેલા લખાણ સાથે સરખાવી જુએ અને આ પરિપત્રની ચોક્કસ પદ્ધતિને અનુસરીને લેખ પાઠવે તેવી નમ્ર વિનંતિ છે. અન્યથા ઘણુંબધું લખાણ નવેસરથી લખવાનું થાય છે. અંદરનું તત્ત્વ સારું હોય એ જેટલી અગત્યની વાત છે તેટલી જ લખવાની પદ્ધતિ વ્યવસ્થિત હોય તે જરૂરી છે.

→ પ્રતિસ્પંદ અનુમોદનાત્મક જ હોય તે જરૂરી નથી. સૂચનાત્મક પ્રતિસ્પંદ પણ મોકલી જ શકાય છે. વાસ્તવમાં હિતેચ્છુ મિત્રોના આવા પ્રતિસ્પંદથી જ સામયિક પ્રગતિશીલ બની શકે છે. એ જ રીતે કોઈ ચોક્કસ લખાણ પરત્વે પણ ગમવા કે ન ગમવાનાં કારણો ચર્ચી શકાય છે.

→ પત્રચર્ચા આ પરિપત્રનું એક મહત્ત્વપૂર્ણ પાસું છે. મિત્ર મુનિવરો એમાં જેટલો વધુ સક્રિય સહકાર આપશે તેટલો જ તત્ત્વબોધ વધુ વિશદ બનશે.

→ અહીં અનેક મુનિવરો દ્વારા રજૂ થયેલી જિજ્ઞાસાઓનાં સમાધાન પાઠવવા સૌને વિનંતિ છે. આ રીતે કોઈક મુનિવરને સ્વાધ્યાયમાં સહકાર આપવાનો આનંદ અનેરો હોય છે. પૂર્વે જે સમાધાન અપાયાં છે તે પરત્વે વિમર્શ પણ કરી શકાય છે.

→ દરેક લેખ સાથે લખનાર મુનિવરનું તેમ જ સમુદાયનું નામ અવશ્ય લખવું. કારણ કે લેખ એક કરતાં વધારે હોય અને વિષયવાર વિભાગીકરણને લીધે તે અલગ-અલગ વિભાગમાં વહેંચાઈ જાય તેમ બની શકે.

* **શ્રુતસંવિભાગ** માં પ્રગટ થતી સામગ્રી વિચારણાત્મક સમજવી, નિર્ણયરૂપ નહીં. ચિંતન દ્વારા આ વિચારણાને આગળ વધારવા વિનંતિ.

* સંકલન : **મુનિ ત્રૈલોક્યમંડનવિજય** (શ્રીનેમિસૂરિજી-સમુદાય) સંપર્ક : c\o અતુલ એચ. કાપડિયા, A\9 જાગૃતિ ફ્લેટ્સ, મહાવીર ટાવર પાછળ, પાલડી, અમદાવાદ 380 007 મો. 99798 52135